MANOGAT • Year-39 • Issue-2 • 25 April 2020 • Vaishakh Sud 2, Samvat 2076 • Yugabd 5122 • Price : Rs. 5/- • Pages : 28






# મનોગત

## સેવા પરમો ધર્મ

## કોરોના સામે કાર્યકર્તાઓનો મહા સેવાયજ્ઞ

### ૧ કરોડથી વધુ ફૂડપેકેટનું વિતરણ

### ૧૭ લાખ રાશન કિટની સહાય

### ૫૦ લાખ માસ્કનું વિતરણ

### PM કેર ફંડમાં રૂા. ૧૬ કરોડનું યોગદાન


**પર-સેવા માટે પરસેવો પાડે તે ગુજરાતી**



# ભાજપની કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા લેવાયેલા પ્રજાભિમુખ નિર્ણયો



- પી.એમ. કિસાન યોજના હેઠળ લાભાર્થી ખેડુતોને રૂ. ૨૦૦૦/- નો પ્રથમ હપ્તો એપ્રિલ મહિનામાં. જે અંતર્ગત ગુજરાતના ૪૭,૮૧,૪૨૬ ખેડુત લાભાર્થીઓને લાભ કુલ રૂ. ૯૫૬.૨૮ કરોડનો લાભ આપવામાં આવી રહ્યો છે.
- જાહેર વિતરણ યોજના હેઠળ દર મહિને વ્યક્તિદીઠ વધારાનું ૫ કિલો અનાજ અને પરિવાર દીઠ એક કિલો કઠોળ ત્રણ મહિના માટે મફત આપવાનો નિર્ણય કરવામાં આવેલ છે. રાશન કાર્ડ ધારકને આપવામાં આવતું દર મહિનાના કોટા ઉપરાંતનું આ અનાજ રહેશે. જે અંતર્ગત ગુજરાતના ૬૮ લાખ કાર્ડ ધારકોને લાભ. જે માટે આશરે રૂ. ૧,૧૮૨ કરોડના ખર્ચનો અંદાજ છે.
- વૃદ્ધ, ગંગા સ્વરૂપા માતા-બહેનો અને દિવ્યાંગ લાભાર્થીઓને બે તબક્કામાં રૂ. ૧૦૦૦/- ની રકમ આગામી ત્રણ મહિનામાં એક્સ-ગ્રેશીઆ લાભ તરીકે ચુકવવાનો નિર્ણય કરવામાં આવેલ છે. તે અંતર્ગત કેન્દ્ર સરકારની યોજનાનો લાભ લેતા ૫.૮૦ લાખ વૃદ્ધ લાભાર્થીઓ, ૧૦,૭૦૦ દિવ્યાંગ લાભાર્થીઓ અને ૯૭,૪૩૭ ગંગા સ્વરૂપ બહેનો લાભાર્થીઓને લાભ. આ અન્વયે કુલ રૂ. ૭૮.૪૪ કરોડની સહાયનું વિતરણ કરવામાં આવશે.
- જન-ધન બેન્ક ખાતું ધરાવનાર મહિલાઓને દર મહિને રૂ. ૫૦૦ ની રકમ આગામી ત્રણ મહિનામાટે એક્સ-ગ્રેશીઆ લાભ તરીકે ચુકવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જે અંતર્ગત જન ધન ખાતું ધરાવતી ગુજરાતની ૭૪ લાખ મહિલા લાભાર્થીઓને કુલ રૂ. ૧,૧૧૦ કરોડનો લાભ.
- ઉજ્જવલા યોજના હેઠળની લાભાર્થી મહિલાઓને આવતા ત્રણ મહિના માટે ગેસ સિલિન્ડર મફત આપવાનો નિર્ણય કરવામાં આવેલ છે. જે અંતર્ગત ગુજરાતના ૨૮ લાખ મહિલા ઉજ્જવલા યોજના લાભાર્થીઓને કુલ રૂ. ૬૩૦ કરોડના ગેસ સિલિન્ડર વિનામૂલ્યે.
- મહિલા સ્વ-સહાય જુથોને હાલમાં આપવામાં આવતી રૂ. ૧૦ લાખની કોલેટરલ ફ્રી લોનમાં વધારો કરી તે રૂ. ૨૦ લાખ કરવામાં આવશે. જેનો ગુજરાતના આશરે ૨.૨૭ લાખ મહિલા સ્વ-સહાય જુથો લાભ મેળવી શકશે.
- જે સંસ્થાનું મહેકમ ૧૦૦ કર્મચારીઓ કરતાં ઓછું છે અને તેમાંથી ૯૦% ની આવક ૧૫,૦૦૦ કરતાં ઓછી છે તેમના માટે એમ્પ્લોયર અને કર્મચારી બંનેનો ઈપીએફ ફાળો ચૂકવશે (૧૨%+૧૨%) એમ કુલ ૨૪% ભારત સરકાર ચુકવશે.
- ગુજરાત સરકાર દ્વારા એપ્રિલ મહિનાનું અનાજ વાજબી ભાવની દુકાનો મારફતે મફત આપવામાં આવી રહેલ છે. જેમાં રાષ્ટ્રીય અન્ન સુરક્ષા કાયદા હેઠળ અગ્રતાક્રમ ધરાવતા ૬૫.૪૦ લાખ રેશનકાર્ડ ધારકો અને અગ્રતાક્રમ સિવાયના બી.પી.એલ. કાર્ડ ધરાવતા ૩.૪૦ લાખ રેશનકાર્ડ ધારકોને વ્યક્તિદીઠ ૫ કીલો અનાજ અને કાર્ડ દીઠ ૧ કીલો દાળ, ૧ કીલો મીઠું અને ૧ કીલો ખાંડ આપવામાં આવી રહેલ છે. આ યોજના અન્વયે રૂ. ૧૫૦ કરોડ રૂપિયાનું ભારણ રાજ્ય સરકાર ઉપાડી રહી છે.
- તદઉપરાંત, રાષ્ટ્રીય અન્ન સુરક્ષા કાયદા હેઠળ અગ્રતાક્રમ સિવાયના એ.પી.એલ.-૧ કાર્ડ ધરાવતા ૬૧ લાખ રેશનકાર્ડ ધારકોને એપ્રિલ મહિનાનું અનાજ વાજબી ભાવની દુકાનો મારફતે મફત આપવાનો નિર્ણય કરવામાં આવેલ છે. જેમાં કાર્ડ દીઠ ૧૦ કિલો ઘઉં, ૩ કિલો ચોખા, ૧ કિલો ખાંડ અને ૧ કિલો દાળ મફત. આ હેતુસર રૂ. ૨૭૫ કરોડ રૂપિયાનું ભારણ રાજ્ય સરકારે ઉપાડયું છે.
- ઘરવિહોણા નિરાધાર તેમજ રાશન કાર્ડ ન ધરાવતા વ્યક્તિઓ માટે અન્નબ્રહ્મ યોજનાનો વ્યાપ વધારી વ્યક્તિદીઠ ૫ કીલો અનાજ અને કાર્ડ દીઠ ૧ કીલો દાળ, ૧ કીલો મીઠું અને ૧ કીલો ખાંડ આપવામાં આવી રહ્યા છે. આ માટે સર્વે હાથ ધરવામાં આવ્યો છે અને ૪.૨૬ લાખ કાર્ડ ધારકોને આ લાભોનું વિતરણ શરૂ થયું છે.



Year 39 • Issue 2 • Pages 28


- વયં રાષ્ટ્રે જાગૃયામ ૪
- કોવિડ-૧૯ના યુગમાં જીવન ૭
- ભાજપનો સેવાયજ્ઞ ૧૦
- એક જ મહિનામાં રાજ્ય અને કેન્દ્ર બંનેની યોજના મુજબ ગરીબોને અનાજ મળે તેવી પ્રથમ ઘટના ૬૫ લાખ પરિવારોના
- ૩ કરોડથી વધુ લોકોને મળશે લાભ ૧૧
- રાષ્ટ્રહિત સર્વોપરી- સેવા પરમો ધર્મ ૧૨
- પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહનો સહૃદય આભાર વ્યક્ત કરતા ભાજપાના પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઈ વાઘાણી ૧૩
- સંતોની લિંચિંગ પર ડાબેરી-સેક્યુલરની ચુપકીદી !!! ૧૫
- તબલિગીઓએ ભારત જ નહીં એશિયામાં કોરોના ફેલાવ્યો ૧૭
- ભાજપે બનાવ્યું ભવ્ય અને દિવ્ય ગુજરાત ૧૮
- ૧લી મે ગુજરાત સ્થાપના દિન ૨૦




પત્રવ્યવહાર કાર્યાલય
**મનોગત પાક્ષિક**
**ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ**
દીનદયાળ ભવન, જે.પી. ચોક,
ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧
**ફોન : ૦૭૯-૨૫૫૦૪૫૨૨**
E-mail : manogat.1980@gmail.com



**તંત્રી મુદ્રક પ્રકાશક :**
**સુરેન્દ્રભાઈ મોતીલાલ પટેલે ભારતીય જનતા પાર્ટી-ગુજરાત વતી એલાઈડ ઑફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ., ૧૪/૨, કાલિદાસ મિલ કંપાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૩૮૦૦૨૧ ખાતે છપાવી ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ કાર્યાલય, દીનદયાળ ભવન, જે. પી. ચોક, ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧ થી પ્રગટ કર્યું.**

**Editor : Printer : Publisher :**
Surendrabhai Motilal Patel on behalf of Bharatiya Janta Party-Gujarat Pradesh Printed at Allied Offset Printers (Gujarat) Pvt. Ltd., 14/2, Kalidas Mill Compound, Gomtipur, Ahmedabad and Published from Bharatiya Janta Party-Gujarat Pradesh J.P.Chowk, Khanpur, Ahmedabad-380001.

## તંત્રીસ્થાનેથી

# કોરોનાની સાથે - સાથે આ દેશનો દંભી બિનસાંપ્રદાયિકતાનો ‘વાયરસ’ પણ નાશ પામવો જ જોઈએ

પ્રિય કાર્યકર્તા બંધુ/ભગિની,

નમસ્કાર.

મહારાષ્ટ્રના પાલઘર જિલ્લામાં આવેલા ગઢચિંચલે ગામમાં ત્ર્યંબકેશ્વર દક્ષિણામુખી હનુમાન મંદિરના મહંત કલ્પવૃક્ષગીરી મહારાજ અને સાથી મહંત સુશીલગીરી મહારાજને તા. ૧૬ એપ્રિલ ૨૦૨૦ના દિને અત્યંત અમાનવીય ક્રૂરતાથી પોલીસની હાજરીમાં મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા.

હિન્દુસ્તાનની લઘુમતીની કોઈ નાનકડી પણ ઘટના વખતે હાથમાં પાટીયા લઈને - રસ્તા, મીડિયા કે સંસદમાં ધમાલ મચાવી દેનારા બની બેસેલા બુદ્ધિજીવીઓ, ડાબેરીઓ અને જે.એન.યુ.ના કહેવાતા માનવતાવાદીઓ આ સંતો માટે ન્યાય માંગતા ક્યાંય દેખાય છે ?

આ એ જ લોકો છે જેઓએ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ દ્વારા દક્ષિણ ભારતનો પૂર્વનિયોજીત કાર્યક્રમ જો કોરોનાના કારણે રદ ના કર્યો હોત તો દેશભરમાં ‘કાગારોળ’ મચાવી હોત, પરંતુ તબલિગી જમાત દ્વારા કાયદાનો ભંગ કરીને દેશમાં સંક્રમણનું તોફાન મચ્યું હોવા છતાં - તેના વિશે કોઈ સત્ય કહે તો તેને ધર્મ આધારિત રાજનીતિ ન કરવાની સલાહ પણ તેઓ જ આપી રહ્યા છે !!

હું સ્પષ્ટપણે માનું છું કે કોરોનાની સાથે - સાથે આ દેશનો દંભી બિનસાંપ્રદાયિકતાનો વાયરસ પણ નાશ પામવો જ જોઈએ.

વંદે માતરમ્.

- સુરેન્દ્ર પટેલ



## વયં રાષ્ટ્રે જાગૃયામ



# Social Distancing અને Lokdownનો બહુ મોટો લાભ દેશને મળ્યો છે. પરંતુ જો માત્ર આર્થિક દૃષ્ટિકોણથી જોઈએ તો આ નિર્ણય મોંઘો જરૂર લાગશે. પરંતુ ભારતવાસીઓની જિંદગીની સામે તેની કોઈ તુલના થવી ન જોઈએ

મારા વહાલા દેશવાસીઓ,

કૉરોના વૈશ્વિક મહામારી વિરુદ્ધ ભારત અત્યંત મજબુતાઈથી લડવાની સાથે આગળ વધી રહ્યો છે. આપણી તપશ્ચર્યા, આપણા ત્યાગને કારણે ભારત દેશ અત્યારસુધી કોરોનાથી થનારા નુકસાનને ઘણુંખરું પાછળ ઠેલવામાં સફળ રહ્યો છે.

હું જાણું છું કે, તમારે ઘણી જ તકલીફોનો સામનો કરવો પડ્યો છે : કોઈને ખાવાની તકલીફ, કોઈને આવન-જાવનની તકલીફ તો કેટલાક તેમના ઘર-પરિવારથી પણ દૂર છે.

પરંતુ તમે સૌએ  દેશ માટે એક શિસ્તબદ્ધ સિપાહીની જેમ તમારા કર્તવ્યનું પાલન કર્યું છે. આપણા બંધારણમાં જે We the People of India ની શક્તિની વાત કરવમાં આવી છે, તે આ જ તો છે !


બાબાસાહેબ ડોક્ટર ભીમરાવ આંબેડકરની જન્મજયંતિ પર આપણે સૌ ભારતના લોકો દ્વારા આપણી સામુહિક શક્તિનું આ પ્રદર્શન, આ સંકલ્પ એ જ તો તેમને સાચી શ્રદ્ધાંજલિ છે.

બાબાસાહેબનું જીવન આપણને પ્રત્યેક પડકારોને આપણી સંકલ્પશક્તિ અને પરિશ્રમ દ્વારા, પાર કરવાની પ્રેરણા આપે છે. હું તમામ દેશવાસીઓ વતીથી બાબાસાહેબને નમન કરું છું.

સાથીઓ, આ દેશના અલગ-અલગ હિસ્સામાં અલગ-અલગ તહેવારોનો સમય છે. આમ પણ, ભારત ઉત્સવોથી ભરેલો દેશ છે. આપણો દેશ ઉત્સવોને લીધે જ હર્યોભર્યો અને ખીલતો રહે છે. વૈશાખી, પોહેલા બૈશાક, પુઠાંડુ, બૉહાગ બિહુ, વિશુ સાથે અનેક રાજ્યોમાં નવા વર્ષનો પ્રારંભ થઈ ચુક્યો છે.

લોકડાઉનના આ સમયમાં દેશના લોકો જે રીતે નિયમોનું પાલન કરી રહ્યાં છે, જે સંયમ જાળવીને ઘરમાં જ રહીને તહેવારો મનાવી રહ્યા છે, તે પ્રશંશાને પાત્ર છે. હું આ નવા વર્ષે આપને, આપના પરિવારના ઉત્તમ આરોગ્યની મંગલ કામના કરું છું.

આજે સમગ્ર વિશ્વમાં કૉરોના વૈશ્વિક મહામારીની જે સ્થિતિ છે, તેના વિષે તમે સૌ સુપેરે સુપરિચિત છો જ. અન્ય દેશોની સરખામણીએ ભારતે જે રીતે દેશમાં આ સંક્રમણને રોકવા માટેના પ્રયાસો કર્યા છે અને તેમાં તમે જે સહકાર આપ્યો છે તેના સૌ સાક્ષી છે.



## સાત બાબતો માટે તમારો સાથ-સહકાર માંગુ છું



- **પહેલી વાત, તમારા ઘરમાં રહેલા વૃદ્ધોનું સવિશેષ ધ્યાન રાખો, ખાસ કરીને એવી વ્યક્તિઓ જેને કોઈ જૂની બીમારી છે તેમની આપણે Extra Care કરવાની છે, જેથી તેમને કોરોનાથી વધુ બચાવીને રાખી શકાય**
- **બીજી વાત, લોકડાઉન અને Social Distancingની લક્ષ્મણ રેખાનું ચુસ્તપણે પાલન કરીયે, ઘરમાં જ બનાવેલા ફેસ કવર અથવા માસ્કનો અનિવાર્યપણે ઉપયોગ કરીયે**
- **ત્રીજી વાત, આપણી રોગપ્રતિકારક શક્તિ વધારવા માટે, આયુષ મંત્રાલય દવારા આપવામાં આવેલા નિર્દેશોનું પાલન કરતા -ગરમ પાણી, ઉકાળો વગેરેનું નિરંતર સેવન કરીયે**
- **ચોથી વાત, કૉરોના સંક્રમણના ફેલાવાને રોકવામાં મદદ કરવા માટે ''આરોગ્ય સેતુ'' મોબાઈલ એપને ડાઉનલોડ કરીયે, બીજાને પણ આ એપ ડાઉનલોડ કરવા પેરિત કરીયે**
- **પાંચમી વાત, શક્ય હોય ત્યાં સુધી ગરીબ પરિવારની દેખરેખ રાખીયે, તેમના ભોજનની જરૂરિયાતને પુરી કરીયે**
- **છઠ્ઠી વાત, તમે તમારા વ્યવસાય, તમારા ઉદ્યોગમાં સાથે કામ કરતા લોકો પ્રત્યે સંવેદનશીલ બનીને તેમને નોકરીમાંથી ન કાઢો**
- **સાતમી વાત, દેશના કોરોના યોદ્ધાઓ, આપણા ડોક્ટરો-નર્સો, સફાઈ કર્મચારી-પોલીસ કર્મચારીઓનું યોગ્ય સન્માન જાળવીએ**

જ્યારે આપણે ત્યાં કોરોનાનો એકપણ કેસ નહોતો, ત્યારથી જ ભારતે કોરોના પ્રભાવિત દેશોથી આવનારા યાત્રીઓનું એરપોર્ટ ઉપર સ્ક્રીનિંગ શરુ કરી દીધું હતું. કોરોનના દર્દીઓ ૧૦૦ સુધી પહોંચતા પહેલા ભારતે વિદેશથી આવતા પ્રપ્તક યાત્રિકો માટે ૧૪ દિવસનું આઈસોલેશન અનિવાર્ય બનાવી દીધું હતુાં અનેક સ્થળોએ મોલ, ક્લબ, જિમ બંધ થઈ ચુક્યા હતા.

સાથિયો, જ્યારે આપણે ત્યાં કોરોનાના ૫૫૦ કેસ હતા ત્યારે જ ભારતે ૨૧ દિવસના સંપૂર્ણ લોકડાઉનનું એક મોટું પગલું લીધું હતું. ભારતે આ સમસ્યાને વકરવા માટેની રાહ જોયા વિના, જેવી આ સમસ્યા દેખાઈ કે તુર્ત જ નિર્ણય લઈને તેને રોકવા માટેના પ્રયાસો શરુ કરી દીધા.

સાથિયો, આ એક એવું સંકટ છે જેની તુલના બીજા દેશો સાથે કરવી અનુચિત છે. પરંતુ એ પણ એક વાસ્તવિકતા છે કે જો દુનિયાના મોટા-મોટા સામર્થ્યવાન દેશોના પણ કોરોના સાથે સંલગ્ન આંકડાઓ ઉપર નજર નાખીયે તો ભારત ઘણી સારી અને સાંભળેલી પરિસ્થતિમાં તો છે જ.

મહિના-દોઢ મહિના પહેલા ઘણા દેશો કોરોના સંક્રમણના મામલે એક રીતે ભારતની સાથે જ બરાબરીથી ઉભા હતા, આજે ભારતની તુલનામાં એ દેશોમાં કોરોનના કેસો ૨૫-૩૦ ગણા વધુ છે. આ દેશોમાં હજારો લોકોના દુઃખદ મૃત્યુ થઈ ચૂક્યા છે.

ભારતે holistic approach ન અપનાવ્યો હોત, integrated approach ન અપનાવ્યો હોત, ત્વરિત નિર્ણય લીધો ન હોત તો ભારતની સ્થિતિ આજે કૈક ઓર જ હોત ! છેલ્લા કેટલાક દિવસોના અનુભવોથી એ સ્પષ્ટ છે કે, આપણે જે રસ્તો અપનાવ્યો છે તે સાચો છે.

Social Distancing અને Lokdownનો બહુ મોટો લાભ દેશને મળ્યો છે. પરંતુ જો માત્ર આર્થિક દૃષ્ટિકોણથી જોઈએ તો આ નિર્ણય મોંઘો જરૂર લાગશે. પરંતુ ભારતવાસીઓની જિંદગીની સામે તેની કોઈ તુલના થવી ન જોઈએ. ટાંચા સંસાધનો છતાં ભારત આ માર્ગ ઉપર ચાલ્યો જેની વિશ્વભરમાં ચર્ચા થઈ રહી છે.

આ તમામ પ્રયાસોની વચ્ચે કૉરોના જે રીતે પ્રસરી રહ્યો છે તેણે



વિશ્વભરના આરોગ્ય તજજ્ઞો તથા સરકારોને વધુ સતર્ક બનાવી દીધા છે. ભારતમાં પણ કોરોના વિરુદ્ધની લડાઈ લડવા માટે કઈ રીતે આગળ વધી શકાય તે માટે મેં રાજ્યો સાથે સતત ચર્ચા કરી છે. તમામનું એવું સૂચન છે કે, લોકડાઉન વધારવામાં આવે. કેટલાક રાજ્યોએ તો અગાઉથી જ લોકડાઉન વધારવાનો નિર્ણય લઈ લીધો છે.

મારી તમામ દેશવાસીઓને પ્રાર્થના છે કે, હવે કોરોનાને આપણે કોઈપણ કિંમતે નવા વિસ્તારોમાં ફેલાવા દેવો નથી.

**આપણે Hotspots માટે વધુ સતર્ક બનવું પડશે**

સ્થાનિક સ્તરે હવે એક પણ દર્દી વધે તો તે આપણા માટે ચિંતાનો વિષય બનવો જોઈએ. આગામી એક અઠવાડિયા સુધી કોરોના વિરુદ્ધની લડાઈમાં કઠોરતા વધારવામાં આવશે.

૨૦ એપ્રિલ સુધી પ્રત્યેક નગર, પ્રત્યેક થાણા, પ્રત્યેક જિલ્લા, પ્રત્યેક રાજયને ચકાસવામાં આવશે કે તે લોકડાઉનનું કેવું અને કેટલું પાલન કરી રહ્યા છે. આ વિસ્તારોએ કોરોનાથી સ્વયંને કઈ રીતે બચાવ્યું છે, તેનું મૂલ્યાંકન કરવામાં આવશે. આ માટે આપણે Hotspots માટે વધુ સતર્ક બનવું પડશે. જે સ્થળોએ Hotspotમાં બદલાવની આશંકા છે તેની પર આપણે વધુ કરડાકીભરી નજર રાખવી પડશે. નવા Hotspotsનું નિર્માણ, આપણી મહેનત અને તપશ્ચર્યા માટે પડકારરૂપ બનશે. જે વિસ્તારો આ અગ્નિપરીક્ષામાં સફળ રહેશે, જે Hotspot માં નહિ હોય અને જેના Hotspot માં ફેરબદલ થવાની આશંકા પણ ઓછી રહેશે, તેવા સ્થળોએ ૨૦ એપ્રિલ બાદ કેટલીક પ્રવૃતિઓ માટે છૂટછાટ આપી શકાશે.

પરંતુ યાદ રાખજો, આ અનુમતિ શરતી હશે-બહાર નીકળવાના નિયમો વધુ સખત બનશે લોકડાઉનના નિયમો જો તૂટશે, કોરોનાનો પગ તમારા વિસ્તામાં પડશે તો તમામ મંજૂરીઓ પછી ખેંચી લેવામાં આવશે. આ કારણે, ન સ્વયં કોઈએ બેદરકારી દાખવવાની છે કે ન કોઈને પણ બેદરકાર બનવા દેવાનું છે.

સાથિયો, ૨૦ એપ્રિલથી, કેટલાક નિશ્ચિત ક્ષેત્રોમાં આ સીમિત છૂટછાટ આપવાનું પ્રાવધાન આપણા ગરીબ ભાઈ-બહેનોની આજીવિકાનો ખ્યાલ રાખતા કરવામાં આવ્યું છે. જે લોકો રોજનું કમાઈને પોતાની જરૂરિયાતો સંતોષે છે તે મારો બૃહદ પરિવાર છે. આ પ્રકારના લોકોના જીવનમાં કોઈ મુશ્કેલી ન આવે તે મારી સર્વોચ્ચ પ્રાથમિકતા છે.પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજનાના માધ્યમથી સરકાર તેમની મદદ માટે હર સંભવ પ્રયાસ કરશે. હવેથી નવી માર્ગદર્શિકા બનાવતી વખતે તેમના હિતોનું પૂરતું ધ્યાન રાખવામાં આવશે. હાલના તબક્કે રવિ પાકોની કાપણીની કામગીરી ચાલુ છે. કેન્દ્ર સરકાર અને રાજ્યસરકારોએ મળીને એવા પ્રયાસો કરવાના છે કે ખેડૂતોની તકલીફો ઓછી થાય.

સાથિયો, દેશમાં દવા અને રાશનનો પૂરતો ભંડાર છે. સપ્લાય ચેનની તકલીફો સતત દૂર કરવામાં આવી રહી છે. હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના મોરચે પણ આપણે ખુબ ઝડપથી આગળ વધી રહ્યા છીએ. એક સમયે જાન્યુઆરી માસમાં આપણી પાસે કૉરોનાની તપાસ માટે માત્ર એક જ લેબોરેટરી હતી ત્યારે હવે આપણી પાસે ૨૨૦થી વધુ ટેસ્ટિંગ લેબ્સ કાર્યરત છે.

**આજે આપણે એક લાખથી વધુ Bedsની વ્યવસ્થા કરી ચુક્યા છીએ**

વિશ્વનો અનુભવ કહે છે કે, કોરોનાના ૧૦,૦૦૦ દર્દીઓ માટે ૧૫૦૦-૧૬૦૦ બેડની આવશ્યકતા છે. ભારતમાં આજે આપણે એક લાખથી વધુ Bedsની વ્યવસ્થા કરી ચુક્યા છીએ. એટલું જ નહિ, ૬૦૦થી વધુ એવી હોસ્પિટલો છે, જે માત્ર કોવીડના ઈલાજ માટે જ કાર્યરત છે. આ સુવિધાઓને વધુ તેજીથી વધારવામાં આવી રહી છે.

સાથિયો, આજે ભારત પાસે ભલે સંસાધનો સીમિત હોય, પરંતુ મારા દેશના યુવા વિજ્ઞાનીકોને વિશેષ આગ્રહ છે કે વિશ્વ કલ્યાણ માટે, માનવ કલ્યાણ માટે આગળ આવે અને કોરોનાની રસી બનાવવા માટેનું બીડું ઝડપે..

સાથિયો, આપણે ધીરજ રાખીને નિયમોનું પાલન કરીશું તો જ કોરોના જેવી મહામારીને પણ હરાવી શકીશું.


સાથિયો, આ વાતો સાથે - આ સપ્તપદી, વિજય મેળવવાનો માર્ગ છે, તે જાણીને તેની ઉપર નિષ્ઠાપૂર્વક કાર્ય કરીયે. સાથિયો, પુરી નિષ્ઠા સાથે ૩ મે સુધી લોકડાઉનના નિયમોનું પાલન કરો, જ્યાં છો ત્યાં જ રહો, સુરક્ષિત રહો

''વયં રાષ્ટ્રે જાગૃયામ''

આપણે સૌ રાષ્ટ્રને જીવંત અને જાગૃત બનાવી રાખીયે એવી કામના સાથે જ હું મારી વાત અહીં સમાપ્ત કરું છું.

ખુબ ખુબ આભાર.





## કોવિડ-૧૯ના યુગમાં જીવન

# અત્યારે દુનિયા નવા બિઝનેસ મોડલ અપનાવી રહી છે
# પોતાના નવીન ઉત્સાહ માટે યુવાન રાષ્ટ્ર તરીકે પ્રસિદ્ધ ભારત નવી કાર્યશૈલી પ્રદાન કરવામાં નેતૃત્વ લઈ શકે છે

### કોવિડ-૧૯ એની સાથે અનેક પરિવર્તનો કે વિક્ષેપો લઈને આવ્યો છે

"ચાલુ સદીની ત્રીજા દાયકાના શરૂઆત ચઢાવઉતાર સાથે થઈ છે. આ શરૂઆત જટિલ છે. કોવિડ-૧૯ એની સાથે અનેક પરિવર્તનો કે વિક્ષેપો લઈને આવ્યો છે. કોરોનાવાયરસે વ્યાવસાયિક જીવનના પાસાઓમાં નોંધપાત્ર ફેરફાર કર્યો છે. અત્યારે ઘર નવી ઓફિસ બની ગયું છે. ઈન્ટરનેટ નવી મીટિંગ રૂમ બની ગયું છે. સાથીદારો સાથે ઓફિસમાં બ્રેક લેવો કામચલાઉ ધોરણે ઈતિહાસ બની ગયો છે.

### મેં પણ આ પરિવર્તનોનો સ્વીકાર કર્યો છે

મેં પણ આ પરિવર્તનોનો સ્વીકાર કર્યો છે. મોટા ભાગની બેઠકોમાં, સાથી મંત્રીઓ સાથે હોય, અધિકારીઓ સાથે હોય અને દુનિયાના નેતાઓ સાથે હોય, અત્યારે વીડિયો કોન્ફરન્સિંગ મારફતે થાય છે. વિવિધ ભાગીદારો પાસેથી વાસ્તવિક પ્રતિભાવો મેળવવા સમાજનાં કેટલાંક વર્ગો સાથે વીડિયો કોન્ફરન્સ મીટિંગો થાય છે. બિનસરકારી સંસ્થાઓ, નાગરિક સમાજનાં જૂથો અને સામુદાયિક સંસ્થાઓ સાથે વિસ્તૃત આદાનપ્રદાન થયું હતું. રેડિયો જોકીઓ સાથે પણ ચર્ચા થઈ હતી.

આ ઉપરાંત હું દરરોજ અનેક ફોન કોલ કરું છું, સમાજનાં વિવિધ વર્ગો પાસેથી પ્રતિભાવ મેળવું છું.

### લોકોએ નવીનવી રીતો શોધી છે

તમે જુઓ છે કે, હાલની કટોકટીનાં સમયમાં પોતાનું કાર્ય ચાલુ રાખવા લોકોએ નવીનવી રીતો શોધી છે. આપણા ફિલ્મ સિતારાઓએ ઘરે રહેવાનો પ્રસ્તુત સંદેશ આપવા માટે થોડા રચનાત્મક વીડિયો બનાવ્યાં છે. આપણા ગાયકો ઓનલાઈન કોન્સર્ટ કરી રહ્યાં છે. ચેસના ખેલાડીઓ ડિજિટલ માધ્યમો થકી ચેસ રમી રહ્યાં છે અને એના દ્વારા કોવિડ-૧૯ સામે લડવામાં પ્રદાન કરી રહ્યાં છે. ઈનોવેટિવ લાગે છે!

કાર્યસ્થળમાં ડિજિટલ માધ્યમોની પ્રાધાન્યતા વધી ગઈ છે. અને શા માટે નહીં?

### આ ટેક્નોલોજી છે, જેણે અમલદારીશાહીમાં પરિવર્તનનો પવન ફૂંક્યો છે

છેવટે ટેકનોલોજીનું સૌથી પરિવર્તન કરતું પાસું ગરીબોનાં જીવનને સ્પર્શી ગયું છે. આ ટેકનોલોજી છે, જેણે અમલદારીશાહીમાં પરિવર્તનનો પવન ફૂંક્યો છે, વચેટિયાઓને દૂર કર્યા છે અને કલ્યાણકારક પગલાઓનો વેગ આપ્યો છે.

ચાલો હું તમને એક ઉદાહરણ આપું. જ્યારે અમને વર્ષ ૨૦૧૪માં જનસેવા કરવાની તક મળી હતી, ત્યારે અમે ભારતીયોને, ખાસ કરીને ગરીબોને તેમના જન ધન ખાતા, આધાર અને મોબાઈલ નંબર સાથે જોડવાની શરૂઆત કરી હતી.

આ સરળ જોડાણથી ભ્રષ્ટાચાર અટકવાની સાથે સરકારને એક બટન ક્લિક કરીને નાણાં હસ્તાંતરિત કરવા સક્ષમ બનાવી છે. આ એક બટનનાં ક્લિક સાથે ફાઈલ પર એકથી વધારે સ્તર દૂર થયા છે અને અઠવાડિયાઓનો વિલંબ દૂર કર્યો છે.

ભારત કદાચ દુનિયામાં આ પ્રકારની સૌથી મોટી માળખાગત સુવિધા ધરાવે છે. આ માળખાગત સુવિધાથી આપણને ગરીબો અને જરૂરિયાતમંદોના બેંક ખાતામાં નાણાં સીધા અને તાત્કાલિક જમા કરવામાં મદદ મળી છે, કોવિડ-૧૯ સ્થિતિ દરમિયાન કરોડો પરિવારોને ફાયદો થયો છે.

એનો અન્ય એક લાભ શિક્ષણ ક્ષેત્રને મળ્યો છે. આ ક્ષેત્રમાં ઘણા ઉત્કૃષ્ટ વ્યાવસાયિકો ઈનોવેશન કરી રહ્યાં છે.



આ ક્ષેત્રમાં ટેકનોલોજીનો ઉપયોગ કરવાથી એમને અનેક લાભ થયા છે. ભારત સરકારે દિક્ષા પોર્ટલ જેવા પ્રયાસો પણ હાથ ધર્યા છે, જે શિક્ષકોને મદદરૂપ થાય છે અને ઈ-લર્નિંગને પ્રોત્સાહન આપે છે.

વળી સ્વયંમ છે, જેનો ઉદ્દેશ શિક્ષણની સુલભતા, સમાનતા અને ગુણવત્તામાં વધારો કરવાનો છે. ઘણી ભાષાઓમાં ઉપલબ્ધ ઈ-પાઠશાલા વિવિધ ઈ-બુક અને આ પ્રકારની શૈક્ષણિક સામગ્રીની સુલભતાને સક્ષમ બનાવે છે.

અત્યારે દુનિયા નવા બિઝનેસ મોડલ અપનાવી રહી છે.

પોતાના નવીન ઉત્સાહ માટે યુવાન રાષ્ટ્ર તરીકે પ્રસિદ્ધ ભારત નવી કાર્યશૈલી પ્રદાન કરવામાં નેતૃત્વ લઈ શકે છે.

હું નીચેની ખાસિયતો કે સ્વરો આ નવી બિઝનેસ અને કાર્યશૈલીને નવેસરથી પરિભાષિત કરશે એવું માનું છું.

હું એમને સ્વરો - નવા નિયમોનો સ્વર - અંગ્રેજી ભાષામાં સ્વરો જેવા હોવાથી - કહું છું, આ કોવિડ પછીની દુનિયામાં કોઈ પણ બિઝનેસ મોડલના આવશ્યક ઘટકો બની જશે.

## ઉપલબ્ધતા

અત્યારે એવા વ્યવસાય અને જીવનશૈલીની પદ્ધતિઓનો વિચાર કરવાની જરૂર છે, જે સ્વીકારવામાં સરળ હોય.

એની પાછળનો આશય આ કટોકટીના સમયમાં પણ આપણી ઓફિસો, વ્યવસાયો અને વેપારવાણિજ્યને ઝડપથી જાળવી રાખી શકાય એવો છે અને સાથે સાથે જાનહાનિ પણ ન થવી જોઈએ એ સુનિશ્ચિત કરવું પડશે.

ડિજિટલ પેમેન્ટનો સ્વીકાર કરવો સ્વીકાર્યતાનું ઉત્તમ ઉદાહરણ છે. નાની અને મોટી દુકાનોના માલિકોએ ડિજિટલ માધ્યમોમાં રોકાણ કરવું જોઈએ, જે વેપારવાણિજ્યને જોડી રાખે, ખાસ કરીને કટોકટીનાં સમયમાં. ભારતમાં ડિજિટલ વ્યવહારોમાં પ્રોત્સાહનજનક વધારો જોવા મળે છે.

અન્ય એક ઉદાહરણ ટેલીમેડિસિન છે. આપણે ક્લિનિક કે હોસ્પિટલમાં ગયા વિના કેટલીક ચર્ચાવિચારણા કરી રહ્યાં છીએ. એક વાર ફરી યાદ અપાવું, આ સકારાત્મક નિશાની છે. આખી દુનિયામાં ટેલીમેડિસિનનો વ્યાપ વધારવામાં મદદરૂપ થાય એવા બિઝનેસ મોડલનો વિચાર કરી શકીએ?

## કાર્યદક્ષતા

કદાચ અત્યારે જ એવો સમય છે, જેમાં આપણે જેને કાર્યદક્ષતા કહીએ છીએ એના પર નવેસરથી વિચાર કરીએ. કાર્યદક્ષતા કે કાર્યક્ષમતાનો સંબંધ આપણે ઓફિસમાં કેટલો સમય પસાર કરી શકીએ એની સાથે નથી.

આપણે એવા મોડલનો વિચાર કરવો જોઈએ, જેમાં પ્રયાસો કરતાં ઉત્પાદકતા અને કાર્યદક્ષતા વધારે મળે. એટલે ચોક્કસ સમયમર્યાદામાં સંપૂર્ણ કામગીરી પર ભાર મૂકવો પડશે.

## સર્વસમાવેશકતા

ચાલો આપણે એવું બિઝનેસ મોડલ વિકસાવીએ, જેમાં આપણી પૃથ્વી પર સૌથી વધુ વંચિત સમુદાય ગરીબો માટેની કાળજી સંકળાયેલી હોય.

આપણે આબોહવામાં પરિવર્તનનો સામનો કરવામાં મોટી પ્રગતિ કરીએ. ધરતી માતાએ આપણને એની ભવ્યતા દર્શાવી છે, જ્યારે માનવીય પ્રવૃત્તિ ધીમી પડે છે, ત્યારે ધરતી માતા કેટલી ઝડપથી ફૂલીફાલી શકે છે એ દર્શાવ્યું છે. ભવિષ્યમાં વિકસતી ટેકનોલોજીઓ અને અભ્યાસમાં આ મહત્ત્વપૂર્ણ બાબત છે, જેનાથી આપણી પૃથ્વીને નુકસાનકારક અસરમાં ઘટાડો થશે. ઓછા સંસાધનો સાથે વધારે કામગીરી કરો.


કોવિડ-૧૯એ ઓછા ખર્ચ અને વ્યાપક રીતે આરોગ્યલક્ષી સોલ્યુશનો પર કામ કરવાની જરૂરિયાતને સૂચવી છે. આપણે સ્વાસ્થ્ય અને માનવજાતની સુખાકારીને સુનિશ્ચિત કરવાના આંતરરાષ્ટ્રીય પ્રયાસો માટે માર્ગદર્શક બની શકીએ.

આપણે એવા ઈનોવેશનમાં રોકાણ કરવું જોઈએ, જેથી આપણા ખેડૂતોને માહિતી, મશીનરી અને બજારો સુલભ થાય, પછી ભલે સ્થિતિસંજોગો ગમે એવા હોય. એમાં આપણા નાગરિકોને આવશ્યક ચીજવસ્તુઓ સુલભ થવી જોઈએ.

## તક

દરેક પડકાર એક તક લઈને આવી છે. કોવિડ-૧૯ પણ એનાથી અલગ નથી. ચાલો આપણે હવે વિકસશે એવી નવી તકો/વૃદ્ધિનાં ક્ષેત્રોનો વિચાર કરીએ અને એનું મૂલ્યાંકન કરીએ.

હરિફો જેટલી ક્ષમતા હાંસલ કરવાનો વિચાર કરવાને બદલે ભારતે કોવિડ પછીની દુનિયામાં આગળ રહેવું પડશે. ચાલો આપણે વિચારીએ કે આપણા લોકો, આપણી કુશળતાઓ, આપણી મુખ્ય ક્ષમતાઓ આ માટે કેવી રીતે ઉપયોગી થઈ શકશે.



**સર્વહિતવાદ**

કોવિડ-૧૯ હુમલો કરતા અગાઉ જાતિ, વંશ, ધર્મ, રંગ, જ્ઞાતિ, ભાષા કે સરહદ જોતો નથી. ત્યારબાદ આપણી પ્રતિક્રિયા અને આચરણને એકતા અને ભાઈચાર માટે પ્રધાનતા આપવી જોઈએ. આપણે એમા એકસાથે છીએ.

ઈતિહાસની અગાઉની ક્ષણોમાં દેશો કે સમાજો એકબીજાની આમનેસામને હતા. એનાથી વિપરીત અત્યારે બધા એકસાથે એકસમાન પડકારનો સામનો કરી રહ્યાં છીએ. આપણું ભવિષ્ય આપણી એકતામાં અને એકબીજાની સ્વીકાર્યક્ષમતાનું હશે.

ભારતમાંથી આગામી મોટા વિચારોને આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રાસંગિકતા અને ઉપયોગ કરવા માટેની ઉચિતતા પ્રાપ્ત થવી જોઈએ. આ વિચારોમાં ભારતની સાથે સંપૂર્ણ માનવજાત માટે સકારાત્મક પરિવર્તન કરવાની ક્ષમતા હોવી જોઈએ.

અગાઉ લોજિસ્ટિક્સને ભૌતિક માળખાની દ્રષ્ટિએ જોવામાં આવતું હતું - રોડ, વેરહાઉસ, પોર્ટ. પણ અત્યારે લોજિસ્ટિક્સ નિષ્ણાતો તેમના પોતાનાં ઘરોમાંથી આંતરરાષ્ટ્રીય સ્તરની પુરવઠા સાંકળને નિયંત્રિત કરી શકે છે.

ભૌતિક અને વર્ચ્યુઅલ લોજિસ્ટિક્સના સુભગ સમન્વય સાથે ભારત જટિલ આધુનિક બહુરાષ્ટ્રીય સપ્લાય ચેઈનનું આંતરરાષ્ટ્રીય હાર્દ બની શકે છે, ખાસ કરીને કોવિડ-૧૯ પછીની દુનિયામાં. ચાલો આપણે આ કટોકટી કે પડકારને સફળતાપૂર્વક ઝીલી લઈએ અને આ તકને ઝડપી લઈએ.

હું તમને બધાને આ વિશે વિચારવા અને એમાં પ્રદાન કરવા અપીલ કરું છું.

## આખું વિશ્વ કોરોનાને કારણે ભયંકર આર્થિક મંદીમાં સપડાયું છે ત્યારે ભારતીય અર્થતંત્રને બુસ્ટર ડોઝ બજારે નિર્ણય વધાવ્યો

**રિઝર્વ બેન્ક દ્વારા નાબાર્ડને ૨૫૦૦૦ કરોડ, સીડબીને ૧૫૦૦૦ કરોડ અને એનએચબીને ૧૦૦૦૦ કરોડ રૂ.ની મદદ કરવામાં આવશે**

**રિવર્સ રેપો રેટમાં ૦.૨૫% ઘટાડો : બેન્કના EMIની રકમ ઘટશે**

કોરોનાને કારણે અસ્તવ્યસ્ત થયેલી અર્થવ્યવસ્થાને ટોનીક આપવા માટે આજે રીઝર્વ બેન્કે કેટલાક પગલાઓ જારી કર્યા છે. રીઝર્વ બેન્કે રીવર્સ રેપોરેટમા ઘટાડો કર્યો છે. આ દર ૦.૨૫ ટકા ઘટાડયો છે અને તે હવે ૪ ટકાથી ઘટી ૩.૭૫ ટકા રહેશે. રેપોરેટ યથાવત રાખવામાં આવશે. વિશ્વનું અર્થતંત્ર સૌથી ખરાબ તબક્કાનો સામનો કરી રહ્યુ છે. ભયાનક મંદી ટકોરા મારી રહી છે. ત્યારે પણ જી-૨૦ દેશો કરતા ભારતની સ્થિતિ સારી છે. રિઝર્વ બેન્કે નાબાર્ડ, સીડબી અને એનએચબીને કુલ ૫૦ હજાર રૂ. આપવાની જાહેરાત કરી હતી.

કોરોનાના કારણે ગ્લોબલ બીઝનેસ ૧૩થી ૩૨ ટકા જેટલો ઘટશે. ભારતનો જીડીપી આ વર્ષે ૧.૯ ટકા રહેશે જ્યારે ૨૦૨૧-૨૨માં તે વધીને ૭.૪ ટકા થશે. એનપીએના મામલે રિઝર્વ બેન્કે બેન્કોને રાહત આપવાની પણ જાહેરાત કરી હતી. રીઝર્વ બેન્કના ગવર્નરે આજે સવારે જણાવ્યુ હતુ કે રીવર્સ રેપોરેટ ૨૫ બેઝીસ પોઈન્ટ ઘટાડવામાં આવ્યો છે અને તે ૩.૭૫ ટકા રહેશે. નાબાર્ડને ૨૫૦૦૦ કરોડ, સીડબીને ૧૫૦૦૦ કરોડ અને એનએચબીને ૧૦૦૦૦ કરોડ રૂ.ની મદદ કરવામાં આવશે. રિઝર્વ બેન્કે કહ્યું હતુ કે ભારતમાં વિદેશી મુદ્રાનો પુરતો ભંડાર છે. નાણાકીય નુકશાનને ઓછુ કરવા પ્રયાસ કરાશે. રોકડમાં અછત થવા નહિ દેવાય

BYOD (બ્રિંગ-યોગ-ઑન-ડિવાઈઝ)થી WFH (વર્ક-ફ્રોમ-હોમ)માં વ્યાવસાયિક અને અંગત જીવનને સંતુલન કરવાનાં નવા પડકારો છે. કોઈ પણ સ્થિતિ હોય, ફિટનેસ અને કસરત માટે સમય ફાળવો. શારીરિક અને માનસિક સુખાકારીને સુધારવાના માધ્યમ તરીકે યોગને અજમાવો.

ભારતની પરંપરાગત ચિકિત્સા વ્યવસ્થા શરીરને ફિટ જાળવવામાં મદદરૂપ થવા માટે જાણીતી છે. આયુષ મંત્રાલય એક આચારસંહિતા ધરાવે છે, જે સ્વસ્થ રહેવા માટે મદદરૂપ થશે. એના પર પણ એક નજર નાંખો.

છેલ્લે અને મહત્ત્વપૂર્ણ બાબત, કૃપા કરીને આરોગ્ય સેતુ મોબાઈલ એપ ડાઉનલોડ કરો. આ ભવિષ્યલક્ષી એપ છે, જે કોવિડ-૧૯ના સંભવિત પ્રસારને નિયંત્રણમાં લેવા મદદરૂપ થવા ટેકનોલોજીનો ઉપયોગ કરે છે. આ એપ જેટલી વધારે ડાઉનલોડ થશે, એટલી અસરકારકતા વધશે.

•



## ભાજપનો સેવાયજ્ઞ






# પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીનાં નેતૃત્વમાં કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારોની ઉતમ કામગીરી,સરાહનીય નિર્ણયો અને પ્રજાના સહયોગને લીધે કોરોના સામેની લડાઈમાં આપણો વિજય નિશ્ચિત છે - શ્રી જે. પી. નડ્ડાજી

રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી જે. પી. નડ્ડાજી, કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહ તથા રાષ્ટ્રીય સંગઠન મહામંત્રીશ્રી સંતોષજીએ કોરોના મહામારીની આફતમાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારે અને મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી તથા નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકારે કરેલા સરાહનીય નિર્ણયો તથા સેવાકાર્યોને તંત્ર સાથે રહીને જનજન સુધી પહોંચાડવાની કરેલી સફળ કામગીરી અને જનસેવા બદલ ગુજરાત ભાજપાના કાર્યકરોને અભિનંદન પાઠવ્યાં હતા.

રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી જે. પી. નડ્ડાજીએ જણાવ્યું હતું કે,પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશભરના કાર્યકરોને કરેલા સંબોધનમાં જે 'સપ્તપદી'નું સુચન કર્યું હતું. તે જનહિતના સાતે સાત કાર્યોમાં ગુજરાત ભાજપાના કાર્યકરોએ સરાહનીય કામગીરી કરી છે.પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીનાં માર્ગદર્શન હેઠળ કેન્દ્ર અને રાજ્ય સરકારોની ઉતમ કામગીરી અને પ્રજાના સહયોગને લીધે કોરોના સામેની લડાઈમાં આપણો વિજય નિશ્ચિત છે.પરંતુ હજુ આ લડાઈ પૂરી નથી થઈ તેથી સૌ કાર્યકરો જનજીવન થાળે ન પડે ત્યાં સુધી સોશિયલ ડીસટન્સ જાળવીને જરૂરિયાતમંદો માટે સેવાકાર્યો ચાલુ રાખે.આરોગ્ય સેતુ એપ વધુને વધુ ડાઉનલોડ થાય તે માટે ગુજરાત ભાજપાના તમામ સ્તરના કાર્યકરોએ સોશિયલ મીડિયાના માધ્યમથી ખુબ જ સારો પ્રચાર પ્રસાર કર્યો છે.પ્રધાનમંત્રી કેર્સ રાહત ફંડમાં પણ ગુજરાત ભાજપાના આગેવાનો-કાર્યકરોએ પોતે પણ ફાળો આપ્યો છે અને સમાજના હજારો લોકોને પ્રેરિત કર્યા છે જે દર્શાવે છે કે ભાજપાનો કાર્યકર દરેક સ્થિતિમાં પ્રજા સાથે જોડાયેલો રહે છે.જનસેવા એ જ સાચા કાર્યકરની ઓળખ છે.માસ્ક વિતરણ,ભૂખ્યાને ભોજન વગેરે જેવી અનેક બાબતોમાં ગુજરાત ભાજપાના કાર્યકરોએ ઉમદા કામગીરી કરી છે જે બીજા રાજ્યોના ભાજપા યુનિટ માટે પણ ઉદાહરણરૂપ છે.

કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહે ગુજરાત સરકાર અને ગુજરાત ભાજપા સંગઠનની કામગીરીને બિરદાવી બધાને અભિનંદન આપતાં કહ્યું હતું કે, કોરોના સામેની લડાઈ હજુ ચાલુ છે. ભાજપા આગેવાનો તથા કાર્યકરો લોકડાઉનના સમય દરમિયાન પોતપોતાના વિસ્તારોમાં સોશિયલ ડીસટન્સ જાળવી ધૈર્ય અને સંયમથી ગરીબ તથા મજદૂરવર્ગના લોકોને જનજીવન થાળે પડે ત્યાં સુધી ધીરજ રાખવા અને જ્યાં આંશિક છૂટછાટ આપી છે ત્યાં ધંધા-રોજગારના સ્થળોએ પહોંચાડવામાં મદદ કરે તથા તંત્રને પુરતો સહયોગ આપી કેન્દ્રની ગાઈડલાઈનનું સંપૂર્ણ પાલન થાય તે માટે કાળજી રાખે.


કોરોનાની આફત સમયે કેન્દ્ર સરકાર તથા ગુજરાત સરકારના સરાહનીય નિર્ણયો તથા પ્રજાહિતની કામગીરીને સફળતાપૂર્વક પ્રજા સુધી પહોંચાડવામાં ઉતમ સહયોગ તેમજ જનસેવાની ઉતમ કામગીરી બદલ કેન્દ્રીય નેતૃત્વએ ગુજરાત ભાજપાના બુથથી લઈ રાજ્યકક્ષાના સૌ કાર્યકર્તાઓને અભિનંદન અને શુભેચ્છા પાઠવવા જણાવ્યું હતું.તે અંતર્ગત પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઈ વાઘાણીએ કેન્દ્રીય નેતૃત્વ વતી ગુજરાત ભાજપાના બુથ,મંડલ,જીલ્લા તથા પ્રદેશસ્તરના કાર્યકરો તથા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાના આગેવાનોના પરિશ્રમ અને સેવાભાવને વંદન કરી સૌને અભિનંદન પાઠવ્યાં હતા તેમજ કેન્દ્રીય આગેવાનોની અપીલને અનુસરતા આગામી સમયમાં પણ જનસેવાના કાર્યો અવિરતપણે ચાલુ રાખવા વિનંતી કરી હતી.





**૨૫ એપ્રિલથી ગરીબ વર્ગને ફરી અનાજ વિતરણ**
**વ્યક્તિ દીઠ સાડા ત્રણ કિલો ઘઉં અને દોઢ કિલો ચોખા મળશે**
**કાર્ડ દીઠ ૧ કિલો ચણાની દાળ અથવા તુવેરદાળ પણ અપાશે**

**રોગચાળામાં આટલી જંગી સહાય અપાયાનો ગુજરાતમાં પ્રથમ દાખલો**
**કોરોનામાં શ્રેણીબદ્ધ રાહતો, સહાય આપી રહેલી ગુજરાત સરકાર**



# એક જ મહિનામાં રાજ્ય અને કેન્દ્ર બંનેની યોજના મુજબ ગરીબોને અનાજ મળે તેવી પ્રથમ ઘટના ૬૫ લાખ પરિવારોના ૩ કરોડથી વધુ લોકોને મળશે લાભ

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વમાં રાજ્ય સરકારે ગરીબ વર્ગના ૬૫ લાખ લોકોને કેન્દ્રની યોજના મુજબ વધુ એકવખત રેશનકાર્ડ પર જીવન જરૂરી વસ્તુઓ વિનામૂલ્યે આપવાનું નક્કી કર્યું છે. જેનો પ્રારંભ તા. ૨૫મીથી થનાર હોવાનું જાણવા મળે છે. આ વિનામૂલ્યે રાશનનો લાભ બીપીએલ અને એનએફએસએ સીક્કાવાળા રેશનકાર્ડ ધરાવતા તમામ લોકોને મળશે જેની સંખ્યા ૬૫ લાખ પરિવાર અને ૩ કરોડથી વધુ લોકો થશે. એક જ મહિનામાં રાજ્ય અને કેન્દ્ર બંનેની યોજના મુજબ ગરીબોને અનાજ મળે તેવું રાજ્યમાં કદાચ પ્રથમ વખત બન્યું છે.

એપીએલ-૧નું વિતરણ કાર્ય લગભગ પૂર્ણ થઈ ગયું છે. સરકારના સૂત્રોના જણાવ્યા મુજબ ગરીબ વર્ગના લોકોને વ્યક્તિ દીઠ ૩ાા કિલો ઘઉં અને વ્યક્તિ દીઠ ૧ાા કિલો ચોખા મળશે. ઉપરાંત કાર્ડ દીઠ ૧ કિલો ચણાની દાળ અથવા તુવેરદાળ પૈકી જે ઉપલબ્ધ હશે તે મળવાપાત્ર થશે. વિતરણ વ્યવસ્થા અંગેની વિગતવાર જાહેરાત ટુંક સમયમાં જ કરવામાં આવશે. તા. ૨૫થી પાંચ દિવસ સુધી વિતરણ ચાલશે. ઉલ્લેખનીય છે કે, કોરોનામાં લોકોને તકલીફ ન પડે એ માટે રૂપાણી સરકારે વિવિધ વર્ગોને અનાજ-રોકડ પૂરી પાડવાની અનેક યોજનાઓ ઘડી કાઢી છે.

●

## ગુજરાત સરકારનો ઐતિહાસિક, અભૂતપૂર્વ નિર્ણય ૬૬ લાખ BPL રેશનકાર્ડ ધારક પરિવારોને રૂપિયા ૧૦૦૦ અપાયા

કોરોનાને અનુલક્ષીને ગુજરાતમાં ગરીબીની રેખા નીચે જીવતા ૬૬ લાખ જેટલા પરીવારોને તેના ખાતામાં રૂ. એક-એક હજાર આપવાનો નિર્ણય રૂપાણી સરકારે કર્યો છે. લાભાર્થી ગરીબ પરીવારો તેનો પોતાની જરૂરીયાત મુજબ બેંકમાંથી ઉપાડી ઉપયોગ કરી શકશે. ભુતકાળમાં કુદરતી આપતી વખતે અસરગ્રસ્તોને કેશડોલ્સ અપાયાના અનેક દાખલા છે પરંતુ ખાતામાં એક સાથે રૂપીયા ૧૦૦૦ની સહાય કરવામાં આવે તેવો કદાચ આ રાજયમાં પ્રથમ બનાવ છે. રૂપાણી સરકારે ગરીબો માટે કરેલા અભુતપુર્વ નિર્ણય.

૬૬ લાખ બીપીએલ કાર્ડ પરીવારોના ખાતામાં રૂ. એક-એક હજાર સીધા જમા કરાવામાં આવ્યા.તેના માટે લાભાર્થી પરીવારે કોઈ પુરાવો આપવાની જરૂર નથી. સરકાર પાસે બીપીએલ કાર્ડ ધારકોની વિગતો છે તેના આધારે આ નાણાકીય સહાય તેના ખાતામાં પહોંચાડી દેવામાં આવી રહી છે. આ સહાયથી રાજય સરકાર પર રૂ. ૬૬૦ કરોડનો બોજો આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે રૂપાણી સરકારે બીપીએલ અને એપીએલ કાર્ડ ધારકોને આ મહિને રેશનકાર્ડે પર કેટલીક જીવન જરૂરી વસ્તુઓ વિનામુલ્યે આપી છે. હવે બીપીએલ પરીવારોને રોકડ સહાય કરીને નવો ઈતિહાસ સર્જયો છે.





# રાષ્ટ્રહિત સર્વોપરી
# સેવા પરમો ધર્મ



ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઈ વાઘાણી તથા પ્રદેશ સંગઠન મહામંત્રી શ્રી ભીખુભાઈ દલસાણીયાએ દક્ષિણ ઝોન અને મધ્ય ઝોનના તમામ જિલ્લાઓ તેમજ ઉત્તર ઝોનના ૪ જિલ્લા મળી એમ રાજયના ૨૦ જિલ્લાના ભાજપા પ્રદેશ પદાધિકારીશ્રીઓ, જિલ્લાના પ્રભારીશ્રીઓ, પ્રમુખશ્રીઓ, મહામંત્રીશ્રીઓ, મોરચાના પ્રમુખશ્રીઓ-મહામંત્રીશ્રીઓ સાથે વિડીયો કોન્ફરન્સના માધ્યમથી સંવાદ કરી કોરોના મહામારી અંતર્ગત માર્ગદર્શન આપ્યું હતું.


તેમણે ભાજપા દ્વારા કરવામાં આવી રહેલ કોરોના સંબંધિત  રાહતકાર્યની સમીક્ષા કરવા તેમજ સરળ વ્યવસ્થા ગોઠવવા માટે ટેક્નોલોજીનો સવિશેષ ઉપયોગ કરી અસરકારક દેખરેખ રાખવા અને સચોટ સંદેશાવ્યવહાર પર ભાર મુકવા જણાવ્યું હતું અને વૈશ્વિક મહામારી કોરોના વાયરસ સામેની લડતમાં  'રાષ્ટ્રહિત સર્વોપરી' અને 'સેવા પરમો ધર્મ'ના મુળ વિચાર સાથે  ભાજપા કાર્યકરો દ્વારા લોકડાઉનનું સંપૂર્ણ પાલન કરીને હાઈજીન અને સોશિયલ ડિસ્ટન્સિંગનું ધ્યાન રાખીને જે પ્રકારે મોટા પાયે જનસેવાના જે કર્યો થઈ રહ્યા છે તેની પ્રસંશા કરી હતી.

શ્રી જીતુભઆઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, #FeedTheNeedy અંતર્ગત ભોજન-રાશનની કીટનું વિતરણ, વિશ્વવ્યાપી કોરોનાવાયરસ ડિસીઝ કે તેના જેવી અન્ય મહામારીની પરિસ્થિતિમાં રાહત અને સારવાર કામગીરીને પહોંચી વળવા માટે રચિત #PMCARES માં ફાળો, કોરોના વાયરસની જીવલેણ બીમારીથી પોતાની અને બીજાની સુરક્ષા કરવા માટે તેમજ કોરોના સંક્રમિત વ્યક્તિથી સતર્ક રહેવા માટે સરકાર દ્વારા લોન્ચ કરવામાં આવેલી #AarogyaSetuApp ડાઉનલોડ તેમજ #WearFaceCoverStaysafe અંતર્ગત ઘરે બનાવવામાં આવેલા ફેસ કવર કે માસ્કનું વિતરણ સહિતની જે સેવાકીય પ્રવૃતિઓ ભાજપાના કાર્યકર્તાઓ દ્વારા કરવામાં આવી રહી છે તેને હું બિરદાવુ છું, સૌ કાર્યકર્તાઓને અભિનંદન પાઠવું છું.

પ્રદેશ સંગઠન મહામંત્રી શ્રી ભીખુભાઈ દલસાણીયાએ વિડિયો કોન્ફરન્સના માધ્યમથી જોડાયેલ સૌ હોદ્દેદારશ્રીઓને જરૂરી સંગઠનાત્મક માર્ગદર્શન અને જરૂરી સૂચનો આપ્યા હતા અને જણાવ્યું હતું કે, આ કોરોના મહામારીની સંકટની ઘડીમાં ભાજપાના કાર્યકરોની સંગઠનશક્તિનો હકારાત્મક ઉપયોગ સોશ્યિલ ડિસ્ટન્સ જાળવીને મહત્તમ અને વ્યાપક જનસેવાના કાર્યમાં થાય અને જરૂરતમંદો સુધી મદદ પહોંચે તે આપણે સૌ સુનિશ્ચિત કરીએ.

•

- **કોરોના વાયરસ સામેની લડતમાં 'રાષ્ટ્રહિત સર્વોપરી' અને 'સેવા પરમો ધર્મ'ના મુળ વિચાર સાથે  ભાજપા કાર્યકરો દ્વારા લોકડાઉનનું સંપૂર્ણ પાલન કરીને હાઈજીન અને સોશિયલ ડિસ્ટન્સિંગનું ધ્યાન રાખીને જે પ્રકારે મોટા પાયે જનસેવાના જે કાર્યો થઈ રહ્યા છે તે પ્રસંશાને પાત્ર છે.**
- **#FeedTheNeedy અંતર્ગત ભોજન-રાશનની કીટનું વિતરણ, #PMCARES માં ફાળો, #AarogyaSetuApp ડાઉનલોડ કરવી અને અન્ય નાગરિકોને કરાવવી તેમજ #WearFace CoverStaysafe અંતર્ગત ઘરે બનાવવામાં આવેલા ફેસ કવર કે માસ્કનું વિતરણ સહિતની જે સેવાકીય પ્રવૃતિઓ ભાજપાના કાર્યકર્તાઓ દ્વારા કરવામાં આવી રહી છે તેને હું બિરદાવુ છું, સૌ કાર્યકર્તાઓને અભિનંદન પાઠવું છું.**



**કેન્દ્ર સરકાર દ્વારા તબીબો અને સ્વાસ્થ્યકર્મીઓ ઉપર થતાં હુમલાઓને બિન જામીનપાત્ર ગુનો બનાવી જેલની સજા, આકરા દંડની વસુલાત કરવાના, સંપત્તિ નુકસાનની બે ગણી વસુલાત કરવાના કરાયેલ નિર્ણયને આવકારી ગુજરાતના તબીબો અને સ્વાસ્થ્યકર્મીઓ વતી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહનો સહ્રદય આભાર વ્યક્ત કરતા ભાજપાના પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઈ વાઘાણી**



પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકાર દ્વારા મહામારી રોગ અધિનિયમ ૧૮૯૭માં સંશોધન કરી, અધ્યાદેશ લાવી તબીબો અને સ્વાસ્થ્યકર્મીઓ ઉપર થતા હુમલાઓને બિન જામીનપાત્ર ગુનો બનાવી જેલની સજા, આકરા દંડની વસુલાત કરવાના કરાયેલ નિર્ણયને હૂં આવકારુ છું,ગુજરાતના કોરોના વોરિયર્સ એવા સર્વે તબીબો અને સ્વાસ્થ્યકર્મીઓ વતી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહનો સહ્રદય આભાર વ્યક્ત કરું છું.

તેમણે જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકાર દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર અધ્યાદેશ પર રાષ્ટ્રપતિના હસ્તાક્ષર બાદ તાત્કાલિક ધોરણે તબીબો અને સ્વાસ્થ્યકર્મીઓ ઉપર થતો હુમલો બિન જામીનપાત્ર ગુનો બનશે, ડોક્ટરો અને સ્વાસ્થ્ય કર્મીઓને ગંભીર ઈજા પહોંચે તેવા કિસ્સામાં ગુનેગારને છ મહિનાથી સાત વર્ષની જેલની સજા અને રૂપિયા એકથી પાંચ લાખ સુધીનો દંડ ભરવો પડશે. તબીબો અને સ્વાસ્થ્ય કર્મીઓને સામાન્ય ઈજા પહોંચી હોય તેવા કિસ્સામાં ત્રણ મહિનાથી પાંચ વર્ષ સુધીની જેલની સજા તેમજ રૂપિયા પચાસ હજારથી ૨ લાખ સુધીના દંડની જોગવાઈ કરવામાં આવી છે.

તેમણે જણાવ્યું હતું કે, સંકટના સમયમાં પોતાની ફરજ બજાવી રહેલા તબીબો અને આરોગ્યકર્મીઓ ઉપર હુમલાઓ સહન કરવામાં આવશે નહીં અને એટલે જ જેલ અને દંડની સાથે સાથે કેન્દ્ર સરકાર દ્વારા ગુનેગાર પાસેથી માલ-મિલકત-સંપત્તિને થયેલ નુકશાનની બે ગણી રકમની વસુલાત કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, કોરોના મહામારીના આ અતિસંવેદનશીલ સમયમાં સેવા અને સમર્પણના ભાવ સાથે કાર્ય કરી રહેલા ડોક્ટરો અને સ્વાસ્થ્યકર્મીઓને સમગ્ર દેશ સલામ કરી રહ્યો છે ત્યારે કેટલાક અસામાજિક તત્વો દ્વારા ડોક્ટરો અને સ્વાસ્થ્યકર્મીઓ ઉપર થઈ રહેલા હુમલા દુર્ભાગ્યપૂર્ણ છે, કેન્દ્ર સરકારના કડક વલણથી ચોક્કસપણે આ પ્રકારના હુમલાઓ બંધ થશે તેવો મને વિશ્વાસ છે.

**(પ્રશાંત વાળા)**

**કોંગ્રેસનાં સિધ્ધપુરનાં ધારાસભ્ય ચંદનજી ઠાકોરનાં TRB જવાન સામેનાં બિભત્સ વાણી-વર્તન-વ્યવહાર એ અશોભનીય અને નિંદનીય છે અને તે કોરોના વોરીયર્સનું અપમાન છે. સેવા અને માનવતાનું અપમાન છે - ભરત પંડયા**

ભાજપ પ્રદેશ પ્રવક્તા શ્રી ભરત પંડયાએ જણાવ્યું હતું કે કોંગ્રેસનાં સિધ્ધપુરનાં ધારાસભ્ય ચંદનજી ઠાકોરનાં TRB જવાન સામેનાં બિભત્સ વાણી-વર્તનનાં ટીવી-સોશિયલ મીડિયા પરનાં દ્રશ્યો જોઈને તમામ દર્શકો આઘાત અને દુઃખ અનુભવે છે.

પોતાનાં જાનનાં જોખમે જે કર્મવીરો અને સેવાવ્રતીઓ પોતાની ફરજ બજાવે છે ત્યારે અભિનંદન આપવાને બદલે તેમનાં પર ગાળો વરસાવવી એ કોરોના વોરીયર્સનું અપમાન છે. સેવા અને માનવતાનું અપમાન છે.

પોતાની ફરજ બજાવતાં TRBનાં જવાન સામે કોંગ્રેસનાં ધારાસભ્યે જે રીતે ધાકધમકી, ગાળાગાળી સાથે જે બિભત્સ વાણી-વર્તન-વ્યવહાર કર્યો છે, તે અશોભનીય છે. નિંદનીય છે.

એકબાજુ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી, મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રુપાણી, દેશ-ગુજરાતની જનતા કોરોના વોરીયર્સને માન-સન્માન સાથે સતત બિરદાવતાં હોય, સમગ્ર મીડિયા જગત કોરોના વોરીયર્સને બિરદાવીને જનજાગૃતિ લાવવાનું કામ કરતું હોય ત્યારે કોંગ્રેસનાં ધારાસભ્ય તેઓની સાથે અસભ્ય વર્તન કરીને અપમાન કરી રહ્યાં છે તે યોગ્ય નથી.



# કોરોનાના કારણે સર્જાયેલી વિકટ પરિસ્થિતિ વચ્ચે પણ ઘરે બેઠા વિદ્યાર્થીઓનો સફળતાપૂર્વક ચાલી રહેલો અભ્યાસ

## અંદાજે ૨૨ લાખથી પણ વધુ વિદ્યાર્થીઓને ટેકનોલોજીના માધ્યમથી શૈક્ષણિક સંસાધનો પહોંચાડાયા

સમગ્ર રાજ્યમાં કોરોના covid19 ની પરિસ્થિતિ વચ્ચે પ્રાથમિક શાળાઓમાં તથા ઉચ્ચ શિક્ષણ સાથે સંકળાયેલા વિદ્યાર્થીઓનું શૈક્ષણિક કાર્ય ઘરે બેઠા જ સોશિયલ મીડિયાના માધ્યમથી જળવાઈ રહે તે માટે શિક્ષણ વિભાગે કરેલા પ્રયાસોને ખુબ સફળતા મળી છે. ખાસ કરીને પ્રાથમિક શિક્ષણમાં ધો. ૩થી ૯ ના અંદાજે ૨૨ લાખથી વધુ વિદ્યાર્થીઓ સુધી સોશિયલ મીડિયાના માધ્યમ ઉપરાંત માઈક્રોસોફ્ટના માધ્યમથી વિદ્યાર્થીઓ તથા શિક્ષકોને શૈક્ષણિક સામગ્રી પહોંચાડવામાં આવી છે અને વિદ્યાર્થીઓ ઘરે બેઠા જ આ શૈક્ષણિક સામગ્રીનો ઉપયોગ કરી રહ્યા છે. આમ, આ પ્રકારના પ્રયાસોના કારણે વિદ્યાર્થીઓનો શૈક્ષણિક અભ્યાસ ચાલુ રહેતા આગામી શૈક્ષણિક વર્ષમાં આગળના ધોરણમાં વિદ્યાર્થીઓને ખૂબ જ સરળતા રહેશે.

શિક્ષણ મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે ધો ૧૦ અને ૧૨ ની પરીક્ષાઓ પણ ગુજરાતમાં ખુબ સફળતાપૂર્વક આ વિપરીત પરિસ્થિતિમાં પૂર્ણ કરી શકાઈ છે એટલું જ નહિ પરંતુ ૧૬મી એપ્રિલથી ધો ૧૦ અને ૧૨ ની ઉતરવહીઓનું મૂલ્યાંકન પણ શરુ થઈ ગયું છે. આજ સુધીમાં મળેલી માહિતી મુજબ ૨૦૮ કેન્દ્રો પર ૧૨૩૧૦ શિક્ષકો દ્વારા ૧૮૭૦૦૦ ઉતરવહીઓને તપાસવાની કામગીરી પૂર્ણ થઈ ગયેલી છે.

શિક્ષણ રાજ્ય મંત્રી શ્રીમતી વિભાવરીબેન દવેએ જણાવ્યું હતુ કે આપણા માટે આ સમય આપત્તિ ને અવસરમાં પલટાવવાનો છે. શિક્ષકો આ સમયનો ઉપયોગ કરીને બાળકોની સર્જનાત્મક શક્તિનો વિકાસ થાય તે દિશામાં ખુબ જ સુંદર રીતે કાર્ય કરી રહ્યા છે તે પ્રશંસનીય છે. શિક્ષણ વિભાગ દ્વારા વિદ્યાર્થીઓ માટે તૈયાર કરાયેલી શૈક્ષણિક સામગ્રીના ઉપયોગથી વિદ્યાર્થીમાં રહેલી આંતરશક્તિઓને બહાર લાવી શકાશે અને તેમની સર્જનાત્મક શક્તિનો પણ વિકાસ થશે.


કોરોના covid19 ના કારણે સર્જાયેલી પરિસ્થિતિમાં શાળા કોલેજો બંધ છે ત્યારે વિદ્યાર્થીઓનુ શિક્ષણ કાર્ય ઘરે બેઠા જ જળવાઈ રહે તે માટે GCERT ઉપરાંત સમગ્ર શિક્ષા અભિયાન અને ઉચ્ચ શિક્ષણની વિવિધ કચેરી દ્વારા સાથે નોંધપાત્ર પ્રયાસો સાથે નક્કર આયોજન કરાયું છે. આ આયોજન અંતર્ગત સ્ટડી ફ્રોમ હોમ, વર્ચ્યુઅલ ક્લાસરૂમ, પાઠ્યપુસ્તકોનું વિતરણ ઉપરાંત ધો. ૧૦ અને ૧૨ ના ઉતરવહીઓના મૂલ્યાંકનની કામગીરીનો સમાવેશ થાય છે.

સ્ટડી ફ્રોમ હોમ અંતર્ગત રાજ્યના ધો ૩થી ૯ ના રાજ્યના ૨૦ લાખથી વધુ વિદ્યાર્થીઓ ગુજરાતી, અંગ્રેજી, ગણિત વિષયનું વીકલી લર્નિંગ મટીરીયલ પહોચાડવામાં આવે છે. બીઆરસી સીઆરસી કો ઓ. દ્વારા રાજ્યની તમામ શાળાઓના શિક્ષકોને દર શનિવારે વોટ્સ એપ અને ઈ મેઈલના માધ્યમથી સાહિત્યનું વિસ્તરણ કરવામાં આવે છે. શિક્ષકો દ્વારા વાલીઓને આ સાહિત્ય મોકલવામાં આવે છે શિક્ષક દ્વારા વિદ્યાર્થીઓ સાથે દૈનિક વોટ્સ એપના માધ્યમથી અનુકાર્ય કરવામાં આવે છે, વિવિધ ટીવી ચેનલ્સ દ્વારા શૈક્ષણિક પ્રવૃતિઓનું પ્રસારણ કરવામાં આવ્યુ. તેનો લાભ મહતમ વિદ્યાર્થીઓને મળ્યો છે.

વર્ચુઅલ ક્લાસરૂમ અંતર્ગત સમગ્ર શિક્ષાના માર્ગદર્શન દ્વારા કમાંડ એન્ડ કંટ્રોલ સેન્ટરના માધ્યમથી માઈક્રોસોફ્ટ ટીમ્સ પ્લેટફોર્મ દ્વારા ધો ૫થી ૧૨ ના વિદ્યાર્થીઓને ઘરે બેઠા શિક્ષણનું આયોજન કરાયું છે. વર્ચુઅલ ક્લાસરૂમથી શિક્ષક પોતાના વિદ્યાર્થીઓને શાળાના વર્ગની માફક જ ઘરે બેઠા જ અભ્યાસ કરાવી શકે છે. ઉપરાંત શિક્ષક વિદ્યાર્થીઓને ઈ કન્ટેન્ટ દર્શાવી અધ્યાપન પણ કરાવી શકે છે તેમજ વિદ્યાર્થીઓ પ્રશ્નોત્તરી કરી શકે છે. શિક્ષક મૂલ્યાંકન પણ કરી શકે છે.

ઉચ્ચ શિક્ષણ અંતર્ગત DIET ના બી.એડના તાલીમાર્થીઓને માર્ગદર્શન અને મદદ મળી રહે તે હેતુસર વિવિધ તબક્કે GCERT અને IITE ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે વિડીઓ કોન્ફરન્સ યોજીને શૈક્ષણિક માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું છે. નિષ્ણાંત અધ્યાપકો દ્વારા ઓનલાઈન માર્ગદર્શન આપવામાં આવ્યું છે.

•



**મહારાષ્ટ્રના પાલઘરમાં**

# સંતોની લિંચિંગ પર ડાબેરી-સેક્યુલરની ચુપકીદી !!!

ત્ર્યંબકેશ્વર દક્ષિણમુખી હનુમાન મંદિરના મહંત કલ્પવૃક્ષગિરી મહારાજ(૭૦) અને તેમના સાથી મહંત સુશીલગિરી મહારાજ(૩૫)તથા તેમના વાહનચાલક નીલેશ તેલગડે(૩૦)ની અત્યંત ક્રૂર હત્યા થઈ.

૧૬ એપ્રિલ,૨૦૨૦ને દિવસે મહારાષ્ટ્રના પાલઘર જિલ્લામાં આવેલાં ગઢચિંચલે ગામમાં અત્યંત અમાનવીય ક્રૂરતાથી તેમને મોતનાં મોઢે ઉતારી દેવામાં આવ્યા, બંને સંતો પંચ દશનામ અખાડા, વારાણસી સાથે સંબંધિત હતા. રાતના સમયે કરાએલી આ અત્યંત ઘૃણાસ્પદ હત્યા સાથે સંલગ્ન નરરાક્ષસોને ૧૭ એપ્રિલ ૨૦૨૦ને દિવસે પકડવામાં આવ્યા, આ ઘટનાના વિડિયો ફૂટેજ જ્યારે ૧૯મી એપ્રિલે સોશ્યલ મિડિયામાં વાયરલ થયા ત્યારે તો દેશને આ બર્બર હત્યાકાંડ બાબતે માહિતી મળી. આ વિડિયો જોઈને જ કોઈ પણ સંવેદનશીલ મનુષ્યનું હદય કંપી ઉઠશે, પણ વધુ ત્રાસજનક વાત એ છે કે સામાન્ય રીતે મિણબત્તીઓ અને હાથમાં પાટીયાં લઈ રસ્તા પર ધમાલ મચાવી દેનારા કહેવાતા ઉદારમતવાદીઓ, ડાબેરીઓ અને જે.એન.યુ જૂથના લોકો ક્યાંય દેખાતા નથી. જરા તો વિચાર કરો, કે આ ઘટના જો કોઈ અન્ય સમુદાય વિશેષ સાથે અથવા આ ટોળકી સાથે સંબંધિત કોઈની સાથે બની હોત તો આજે દેશમાં કેટલો ઉહાપોહ મચી ગયો હોત, તેમાં પણ જો મહારાષ્ટ્રમાં બી.જે.પી. સરકાર હોત તો તો આ સમૂહોનાં આક્રંદનો કોઈ પાર ન રહ્યો હોત. પણ આ રાક્ષસી વ્યવહારનો શિકાર ભગવાધારી સાધુઓ હતા એટલે તેમનો અંતરાત્મા કેવી રીતે જાગ્રત થાય?

આ ઘટનાનો તિરસ્કાર અને નિંદા કરનારા લોકોને આની સાથે સંબંધિત કેટલાંક મહત્ત્વના તથ્યો તરફ ધ્યાન આપવું પણ એટલું જ મહત્ત્વપૂર્ણ અને આવશ્યક છે, મહારાષ્ટ્રના પાલઘર જિલ્લાના કેટલાક વિસ્તારો એવા છે જ્યાં સામાન્યતઃ કોંકણા, વારલી, અને ઠાકુર જનજાતિના લોકો રહે છે. આધુનિક વિકાસથી વંચિત આ દૂરદૂરનાં ગામોમાં ઘણાં વર્ષથી ખ્રિસ્તી મિશનરીઓ અને ડાબેરીઓએ પોતાનું પ્રભાવક્ષેત્ર ઉભું કરી દીધું છે. એ ધ્યાનમાં રાખો કે હમણાં થોડાં વર્ષથી વામપંથીઓ અને ખ્રિસ્તી મિશનરી પ્રભાવિત જનજાતીય ક્ષેત્રોમાં, જનજાતિ સમુદાયના મતાંતરિત વ્યક્તિઓ દ્વારા અલગ ધાર્મિક સંહિતાની માગણી કરવામાં આવી રહી છે, તેમને વારંવાર એમ કહીને ઉશ્કેરવામાં આવી રહ્યા છે કે તેમની ઓળખ હિંદુઓથી જુદી છે. ભારતમાં બ્રિટિશ રાજ્યકર્તાઓ દ્વારા વિભાજનની રાજનીતિ ચલાવવાને કારણે જનજાતિઓ માટે જનગણનામાં સરના નામની જુદી ધાર્મિક સંહિતાની વ્યવસ્થા ૧૮૭૧-૧૯૫૧ દરમિયાન કરવામાં આવી હતી. સ્વતંત્રતા પછી ૧૯૫૧માં કરવામાં આવેલી પહેલી વસ્તીગણતરીમાં આ વ્યવસ્થાને હટાવવામાં આવી. પણ ડાબેરીઓ અને ખ્રિસ્તી કાવત્રાખોરોએ આદિવાસી અને મૂળનિવાસી જેવી સંજ્ઞાઓ જનજાતિઓ માટે પ્રચલિત કરી તેમનામાં જુદાઈનો ભાવ ઉત્પન્ન કરવાના અથક પ્રયાસો કર્યા છે. પરિણામે જનજાતિઓના કેટલાક મતાંતરિત લોકોએ હિંદુ ધર્મને દ્વેષભાવથી જોવાની શરૂઆત કરી. કેટલાક વર્ષથી પાલઘર જિલ્લાના જનજાતિ સમૂહની કેટલીક વ્યક્તિઓમાં પણ આ દ્વેષભાવ ઉત્પન્ન કરવામાં આવ્યો છે, આવાં પરિણામોની ચિંતા ધ્યાનમાં લઈ ખ્રિસ્તી મીશનરીઓ પર નિયોગી સમિતિના અહેવાલે (૧૯૫૬) ધર્માંતરણ પર કાનૂની નિષેધની ભલામણ કરી હતી પણ કેટલાક દુર્ભાગ્યપૂર્ણ કારણોથી તે અહેવાલ લાગુ ન કરાયો.

રાષ્ટ્ર અને સમાજને વિખંડિત કરનારી અનેક પ્રવૃત્તિઓ આપણા દેશમાં સતત ચાલી જ રહી છે, પણ શું ભારતમાં જનજાતિ અને નાગરી સમુદાયો વચ્ચે વાસ્તવમાં ભેદ છે ? ભારતીય સભ્યતાની ઓળખ આપણા વેદો, પુરાણો, રામાયણ, મહાભારત વગેરે ગ્રંથોમાં જંગલમાં વસનારા અને નાગરી સમાજ વચ્ચે જે સૌહાર્દઅને સામંજસ્યપૂર્ણ ભાવનું વર્ણન જોવા મળે છે. આચાર્ય વિનોબા ભાવે ઋગ્વેદને જનજાતિઓનો ગ્રંથ માનતા હતા, ભારતની ભિલ્લ, ગોંડ, માડિયા, પ્રધાન જેવી અનેક જનજાતિઓમાં મહાદેવ-ભગવાન શિવની પૂજા થાય છે. હિંદુઓ જેવા જ જનજાતિ સમૂહના લોકો પણ પ્રકૃતિપૂજક છે. વિશ્વના ઉત્તર અને દક્ષિણ અમેરિકા, ઑસ્ટ્રેલિયા, ન્યૂઝીલેંડ, વગેરે દેશો જેવા સંજાતીય સામૂહિક નરસંહાર જેવો કોઈ પુરાવો ભારતીય પરિદ્રશ્યમાં જોવા મળતો નથી. આર્ય આક્રમણ જેવા જોડી કાઢેલા સિદ્ધાંતોની પણ પોકળતા ખુલ્લી પડી ગઈ છે તો પછી આ વિદ્વેષ શા માટે ? કોણ કરી રહ્યાં છે આ કાવત્રાં ? આપણે એ વાત પર વિચાર કરવો જ પડશે.

જ્યારે પણ અને જ્યાં પણ ભારતના સાધુસંતો અને સમાજસેવી સંગઠનોએ આ પ્રકારના રાષ્ટ્ર અને સમાજ પ્રત્યે થતાં દ્રોહનો વિરોધ કર્યો ત્યારે ત્યારે તેમને ગંભીર પરિણામોનો સામનો કરવો જ પડ્યો



છે. આ જ ખ્રિસ્તી મિશનરીઓ અને અંતિમવાદી સામ્યવાદી વિચાર ધરાવતા નક્સલવાદી જુથોએ સ્વામી લક્ષ્મણાનંદ સરસ્વતીજી(ઓરિસ્સા)ની હત્યા ૨૩ ઓગસ્ટ, ૨૦૦૮ની જન્માષ્ટમીને દિવસે કરી હતી. શું દોષ હતો સ્વામીજીનો ? તેમણે ઓરિસ્સાના કંધમાળ જિલ્લામાં જનજાતિના લોકોને ફોસલાવીને કરાતાં ખ્રિસ્તી મતાંતરણનો વિરોધ કર્યો હતો. તેમનામાં સ્વદેશ અને સ્વધર્મ પ્રત્યેની ભાવના જગાડવાનો પ્રયાસ કર્યો હતો. માત્ર આ જ કારણસર તેમને પોતાના પ્રાણોની આહુતિ આપવી પડી હતી. એ જ રીતે સ્વામી અસીમાનંદજીને પણ પ્રતાડિત કરવામાં આવ્યા, તેમણે ગુજરાતના ડાંગ જિલ્લામાં જનજાતિઓમાં સામાજિક અને ધાર્મિક ચેતના જાગ્રત કરવાનું કાર્ય કર્યું. તેમનાં કાર્ય અને વિચારોથી પ્રેરિત થઈ અનેક જનજાતીય બંધુઓએ હિંદુ ધર્મમાં પાછા ફરવાનું પસંદ કર્યું અને એટલા જ માટે તેમની સામે ષડયંત્ર કરી તેમના પર અનેક આરોપો મૂકવામાં આવ્યા અને તેમને અનેક યાતનાઓ આપવામાં આવી. એ જ રીતે મહારાષ્ટ્રના સાતારા જિલ્લામાં સનાતન રક્ષા દળના સૂર્યાચાર્ય કૃષ્ણદેવનંદગિરી મહારાજ પર પણ આક્રમણ થયું હતું.


મહારાષ્ટ્રના પાલઘર જિલ્લાની કેટલીક ઘટનાઓનો ઈતિહાસ જોઈએ તો ધ્યાનમાં આવે છે કે આ ષડયંત્રે ભીષણ સ્વરૂપ ધારણ કરેલું છે, અહીં મુખ્યત્વે બે ઘટનાઓનો ઉલ્લેખ જરૂરી છે. આજના પાલઘર જિલ્લાના થેરોંડા ગામમાં તે સમયમાં થાણે, મુંબઈ, રાયગઢ વિભાગના સંઘપ્રચારક સ્વર્ગીય દામુ અણ્ણા ટોકકરજીનાં નેતૃત્વમાં ૧૯૬૫માં 'હિંદુ સેવાસંઘ'ની સ્થાપના કરવામાં આવી. જનજાતિ સમાજમાં સ્થિત સામાજિક, શૈક્ષણિક, અને આર્થિક પછાતપણાંને દૂર કરવાના હેતુથી કામની શરૂઆત થઈ. દામુઅણ્ણાના સામાજિક અને સંવેદનાપૂર્ણ સ્વભાવને લીધે જનજાતિ સમાજના અનેક લોકો તેમની સાથે જોડાવા લાગ્યા. પોતાના પગ નીચેની ભૂમિ સરકતી જોઈ ડાબેરી(કમ્યુનિસ્ટ) અને મિશનરી ગુંડાઓએ તેમની હત્યાની યોજના બનાવી. ૧૯૮૦ની એક રાત્રે તેમના પર હુમલો કર્યો. સદ્ભાગ્યે દામુઅણ્ણા એ દિવસે ક્યાંક બહાર ગયા હતા. પણ સેવા સંઘના કાર્યકર્તા વામનરાવ સહસ્ત્રબુદ્ધે અને તેમનાં ધર્મપત્નીને આ ગુંડાઓએ ગંભીરપણે ઘાયલ કર્યા.

આ ડાબેરી અને ખ્રિસ્તીઓની કુંઠાની એક બીજી પણ ઘટના છે. જ્યારે તેમણે માધવરાવ કાણેને મારવાના ઈરાદે 'વિશ્વ હિંદુ પરિષદ, વનવાસી કલ્યાણ કેંદ્ર' તલાસરી પર હુમલો કર્યો. ૧૯૬૭માં દામૂ અણ્ણાના કહેવાથી માધવરાવ કાણેએ શરૂ કરેલાં મહારાષ્ટ્ર અને ગુજરાતની સીમા પર આવેલાં આ પાલઘર જિલ્લાના તલાસરી તાલુકાના કેંદ્ર પર શિક્ષણ, બ્રામીણ વિકાસ, પર્યાવરણ સુરક્ષા, વૃક્ષારોપણ વગેરે કાર્યક્રમો ચલાવવામાં આવે છે. ૧૪ ઓગસ્ટ, ૧૯૯૧ની બપોરે તેમને મારવાના ઈરાદે ૭૦૦-૮૦૦-ગુંડાઓની ફોજે કેંદ્ર પર આક્રમણ કરી દીધું. માધવરાવજી કામનાં અનુસંધાનમાં કલ્યાણ ખાતે હતા એટલે બચી ગયા પણ કેંદ્રમાં હાજર મહાદેવ જોશી તથા તેમનાં ધર્મપત્ની વસુધા જોશી ગંભીર રૂપે ઘાયલ થયાં. ઘા એટલા ઉંડા હતા કે બંને જણા માત્ર ઈશ્વરકૃપાએ જ બચ્યા.

૧૬ એપ્રિલ ૨૦૨૦ને દિવસે બે સાધુઓ અને તેમના વાહનચાલકની થએલી ક્રૂર હત્યા આ જ વિકૃત માનસિકતાને પ્રદર્શિત કરનારી છે. વાહનચાલક નીલેશ તેલગડે સાથે કલ્પવૃક્ષગિરી મહારાજ અને સુશીલગિરી મહારાજ પોતાના ગુરુબંધુઓની અંત્યેષ્ઠીમાં ભાગ લેવા ગુજરાતના સેલવાસા ખાતે જઈ રહ્યા હતા. રસ્તો ભૂલ્યા અને કાસા પોલીસચોકીમાં આવતા ગઢચિંચલે ગામના રસ્તે ચઢી ગયા. રસ્તામાં ગામલોકોનાં હિંસક ટોળાએ તેમને રોક્યા અને અને તેમની મારપીટ શરૂ કરી. પાસે જ ઊભી કરાએલી ફોરેસ્ટ ચોકીમાં હાજર ગાર્ડે તેમને પોતાની ચોકીમાં આશરો આપ્યો અને પોલિસને ફોન કર્યો. ગઢચિંચલે ગામથી કાસા ફોરેસ્ટ ચોકીનું અંતર ૪૦ કિલોમીટર છે. પોલીસને પહોંચતા આશરે અડધો કલાક તો લાગ્યો જ હશે. ત્યાં સુધી એ હિંસક ટોળાએ આ લોકોની હત્યા કેમ ન કરી નાખી ? વિડિયોમાં સ્પષ્ટ દેખાય છે કે તે વૃદ્ધ મહાત્મા પોલીસનો હાથ પકડી ચાલી રહ્યા છે અને પોલીસ તેમને ટોળાને હવાલે કરે છે. શું આ સુનિયોજિત ષડયંત્ર નહોતું ? શું ભગવાવસ્ત્રધારી સાધુઓને જાનથી મારી નાખવા કોઈ ઉશ્કેરી તો નહોતું રહ્યું ? તે નિષ્પાપ આત્માઓને બચાવવા માટે પોલીસે હવામાં ફાયરીંગ કરી અથવા પગ પર ગોળી ચલાવી ટોળાને ભગાડવાનો પ્રયાસ કેમ ન કર્યો ? આ મૃત સાધુઓનાં શરીરોને શવપરીક્ષણ માટે લઈ જતી વખતે આટલી અપમાનજનક સ્થિતિમાં કેમ લઈ જવામાં આવ્યાં. ? હૈયું હલબલાવી નાખનારી આ ઘટના જોઈને જોનારાનાં મનમાં આવા ઘણા પ્રશ્નો ઉભા થાય છે.

એટલે હિંદુ સમાજની ભાવનાનો વિસ્ફોટ થાય તે પહેલાં આ ઘટનાની જલ્દીમાં જલ્દી અને કઠોરમાં કઠોર કાર્યવાહી આ ઘટના માટે જવાબદાર નરરાક્ષસો પર મહારાષ્ટ્ર સરકાર દ્વારા થવી જોઈએ.

**(લેખક-વિવેકાનંદ નરતામ-શ્યામલાલ મહાવિદ્યાલય -દિલ્હી વિશ્વવિદ્યાલયમાં સહાયક પ્રાધ્યાપક છે.)**



## તબલિગીઓએ ભારત જ નહીં એશિયામાં કોરોના ફેલાવ્યો

# દેશમાં કોરોનાના ૩૦ ટકા દર્દી તબલિગી જમાતના

# ૨૩ રાજ્યોમાં સંક્રમણ ફેલાવ્યું

દેશમાં કોરોનાની સ્થિતિ અંગે સ્વાસ્થ્ય મંત્રાલયના સંયુક્ત સચિવ લવ અગ્રવાલે જણાવ્યું હતું કે તબલિગી જમાત સંબંધિત દર્દીઓ દેશના ૨૩ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી મળી આવ્યા છે. દેશમાં કોરોનાના અંદાજે ૩૦ ટકા દર્દીઓ માત્ર તબલિગી જમાત સાથે સંકળાયેલા છે. એટલું જ નહીં કોવિડ-૧૯ના દર્દીઓની સંખ્યાની દૃષ્ટિએ ટોપ-૧૦ રાજ્યોમાંથી પાંચ રાજ્યો એવા છે જ્યાં જમાતી દર્દીઓની સંખ્યા સૌથી વધુ છે. તેમણે ઉમેર્યું કે ૧૪,૩૭૮ પોઝિટિવ કેસમાંથી ૪,૨૯૧ કેસ એટલે કે ૨૯.૮ ટકા કેસ નિઝામુદ્દિન મરકઝ સાથે સંબંધિત છે. આ સંમેલનમાં ભાગ લેનારા લોકો ૨૩ રાજ્યોમાં ફેલાયા હતા, જ્યાં તેમણે કોરોનાનો પ્રસાર કર્યો હતો. તમિલનાડુ, દિલ્હી, તેલંગાણા, ઉત્તર પ્રદેશ અને આંધ્રપ્રદેશમાં મરકઝના દર્દીઓ વધુ જોવા મળ્યા છે અને આ રાજ્યો કોવિડ-૧૯ દર્દીઓની સરખામણીમાં ટોપ-૧૦ રાજ્યોમાં સામેલ છે.

કેટલાક આંકડા એવા છે જે કોઈને પણ આશ્ચર્યચકિત કરી શકે છે. તેમણે કહ્યું કે કેટલાક રાજ્યોમાં એકલા તબલિગી જમાતના લોકો સંબંધિત દર્દીઓ ૯૧ ટકા હોવાનું જણાયું છે. તેમણે કહ્યું અસમમાં ૩૫માંથી ૩૧ કેસ એટલે કે ૯૧ ટકા અને અંદામાનમાં ૧૨માંથી ૧૦ એટલે કે ૮૧ ટકા કેસ તબલિગી જમાતના

**એક અંદાજ મુજબ ગુજરાતમાં ૭૫થી ૮૦ ટકા દર્દીઓ તબલિગી જમાતના કારણે સંક્રમિત**

**ગુજરાતના મુખ્ય શહેરોના હોટસ્પોટ તબલિગી જમાતના કારણે જ**

હતા. બીજી બાજુ ટોપ ૧૦ રાજ્યોમાં સામેલ પાંચ રાજ્યોની વાત કરીએ તો તામિલનાડુમાં ૮૪ ટકા, દિલ્હીમાં ૬૩ ટકા, તેલંગાણામાં ૭૯ ટકા, ઉત્તર પ્રદેશમાં ૫૯ ટકા અને આંધ્ર પ્રદેશમાં ૬૧ ટકા કેસ તબલિગી જમાતના છે. અન્ય એક મહત્ત્વપૂર્ણ હકીકત એ છે કે અરૂણાચલ પ્રદેશ એકમાત્ર એવું રાજ્ય છે, જ્યાં એક જ કેસ નોંધાયો છે અને તે પણ તબલિગી જમાત સંબંધિત છે.

શ્રી લવ અગ્રવાલે જણાવ્યું હતું કે, 'તબલિગી જમાતના સંમેલન તરફ મીડિયાનું ધ્યાન દોરવાનું એકમાત્ર કારણ એ છે કે આ ઘટના દર્શાવે છે કે દેશમાં સોશિયલ ડિસ્ટન્સિંગ અને લોકડાઉનનું યોગ્ય પાલન નહીં થાય તો સમગ્ર દેશે તેના ગંભીર પરિણામો ભોગવવા પડી શકે છે.'


### તબલિગીઓએ ભારત જ નહીં એશિયામાં કોરોના ફેલાવ્યો એશિયામાં ૩,૦૦૦થી વધુ કેસ તબલિગી જમાતના નોંધાયા

**મલેશિયામાં કુઆલાલુમ્પુરના પરાં વિસ્તારમાં એક વિશાળ મસ્જિદ પરિસરમાં તબલિગી જમાતનું સંમેલન યોજાયું હતું અને દેશમાં કોરોનાના પ્રસારનો તે એક મહત્ત્વપૂર્ણ સ્રોત હતો. મલેશિયામાં કોવિડ-૧૯ના ૩,૫૦૦થી વધુ કેસમાંથી ૧,૫૦૦થી વધુ કેસ આ સંમેલન સાથે સંકળાયેલા લોકોના છે. મલેશિયામાં ફેબ્રુઆરીમાં મસ્જિદ પરિસરમાં એક વાર્ષિક સંમેલનમાં ૧૫,૦૦૦થી વધુ લોકોએ હાજરી આપી હતી અને લોકડાઉનના આદેશો પહેલાં તેઓ આખા દેશમાં ફેલાયા હતા. આ સંમેલનમાં હાજર રહેનારાઓમાંથી કેટલાક ભારતમાંથી આવ્યા હોવાનું મનાય છે. એ જ રીતે પડોશી દેશ પાકિસ્તાનમાં ૭,૫૦૦થી વધુ કેસમાંથી ૫૦૦ કેસ તબલિગી જમાતના લોકો સાથે સંકળાયેલા છે.**

**પાકિસ્તાનના માર્ચમાં યોજાયેલું તબલિગીઓનું સંમેલન રૈવિન્દ ઈજતેમા કોરોના વાઈરસના પ્રસારનું એક મહત્ત્વનું હોટસ્પોટ છે. આ સંમેલનમાં ૧,૦૦,૦૦૦ લોકો હાજર રહ્યા હતા. ઈન્ડોનેશિયામાં પણ કોરોનાના દર્દીઓમાં મોટી સંખ્યામાં લોકો તબલિગી જમાત સાથે સંકળાયેલા હોવાનું કહેવાય છે.**




# ભાજપે બનાવ્યું ભવ્ય અને દિવ્ય ગુજરાત



- સ્ટેચ્યુ ઓફ યુનિટી : સ્ટેચ્યુ ઓફ યુનિટી – સરદાર પટેલનું નર્મદાકિનારે વિશ્વનું સૌથી ઊંચું સ્ટેચ્યુ નિર્માણ
- વાયબ્રન્ટ ગુજરાત : વાયબ્રન્ટ ગુજરાત મહોત્સવો કરોડો રૂપિયાનું ગુજરાતના ઉદ્યોગોમાં રોકાણ
- કૃષિ મહોત્સવ : કૃષિ મહોત્સવોનું આયોજન – ગુજરાતનો ૧૧% કૃષિવિકાસ દર
- પંચામૃત યોજના : પંચામૃત યોજના દ્વારા ગુજરાતનો વિકાસ, જ્ઞાનશક્તિ, ઊર્જાશક્તિ, જળશક્તિ, જનશક્તિ, રક્ષાશક્તિ
- જ્યોતિગ્રામ : ૨૪ × ૩૬૫ દિવસ લાઇટ પુરવઠો
- રસ્તાઓનું નિર્માણ રાજ્યમાં ૧ લાખ કિ.મી.ના રસ્તાઓનું શ્રેષ્ઠ નેટવર્ક પ્રગતિપથ, વિકાસપથ, પ્રવાસીપથ, કિસાનપથ અને ગૌરવપથ દ્વારા રસ્તાઓનું નિર્માણ
- નર્મદા ડેમ–કેનાલ : નર્મદા ડેમ દરવાજા સાથે પૂર્ણ ઊંચાઈ પર. ૯૦૦૦ ગામો અને ૧૫૦ શહેરો સુધી કેનાલ દ્વારા નર્મદાનું પાણી પહોંચાડ્યું. ૧૦ હજાર કરોડની 'સૌની યોજના' દ્વારા ૧૧૫ ડેમોમાં નર્મદાનું પાણી.
- સુજલામ્–સુફલામ્

  ઉત્તર ગુજરાત માટે સુજલામ્–સુફલામ્ યોજના પૂર્ણ નદીઓનાં જોડાણમાં પ્રથમ રાજ્ય
- ખેત–તલાવડી–બોરીબંધ
- યુનિવર્સિટી : વર્ષ ૨૦૦૦માં ૧૫ યુનિવર્સિટી હતી જેના સ્થાને હાલમાં ગુજરાતમાં ૫૨ કરતા વધુ યુનિવર્સિટીઓ થઈ
- પેટ્રોલિયમ યુનિવર્સિટી, ચિલ્ડ્રન યુનિવર્સિટી, રક્ષાશક્તિ યુનિવર્સિટી, કામધેનુ યુનિવર્સિટી દેશમાં સર્વપ્રથમ
- કન્યા–કેળવણી
- વિદ્યાલક્ષ્મી બોન્ડ – દસ્તાવેજ નોંધણી ફીમાં માફી
- કુંવરબાઈ મામેરું
- ચિરંજીવી યોજના
- ૧૦૮ આરોગ્યસેવા
- ખિલખિલાટ વાહિની–માતા યશોદા ઍવોર્ડ
- ઈ–ધરા, ઈ–ગ્રામ
- ઓનલાઈન એનએ
- સ્વાગત ઓન લાઇન : સ્વાગત ઓન લાઇન દ્વારા પ્રજાના પ્રશ્નોનું સીધું જ નિરાકરણ
- જીસ્વાન : જીસ્વાન દ્વારા તમામ જિલ્લા વહીવટીતંત્રોને જોડ્યાં
- સમરસગ્રામ ઍવોર્ડ




- ઈ–મમતા : મમતા દ્વારા માતા–બાળકની સુખાકારી
- સાગરખેડુ યોજના
- મહાત્મા મંદિર નિર્માણ : વિક્રમજનક સમયમાં ગાંધીનગર ખાતે મહાત્મા મંદિરનું નિર્માણ
- બીઆરટીએસ : અમદાવાદ–રાજકોટમાં BRTS દ્વારા લાખો લોકો માટે લોકલ ટ્રાન્સપોર્ટેશનની શ્રેષ્ઠ ઉપલબ્ધિ
- સોલાર પાર્ક : એશિયાનો સૌથી મોટો સોલાર પાર્ક (ચારણકા, જિ. પાટણ) ૫૦૦ મેગાવોટ વીજઉત્પાદન
- ગૅસ : રાજ્યનાં ૧૫ લાખ ઘરોને પાઇપથી સીધો ગેસ પ્રાપ્ય
- કલ્પસર : કલ્પસર પરિયોજના – મીઠા પાણીનું વિશ્વનું સૌથી મોટું જળાશય
- સાબરમતી રીવરફ્રન્ટ : દેશમાં પ્રથમ અને નમૂનારૂપ સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટનું કર્ણાવતી ખાતે નિર્માણ
- ગૅસગ્રીડ : અંદાજે ૨૦૦૦ કિ.મી. ગૅસગ્રીડ ધરાવતું દેશનું એક માત્ર રાજ્ય
- એનિમલ હોસ્ટેલ : એનિમલ હૉસ્ટેલ દેશમાં પ્રથમ વખત
- વનબંધુ કલ્યાણ
- પશુ આરોગ્ય મેળા
- સોઈલ હેલ્થ કાર્ડ : સોઈલ હેલ્થ કાર્ડ દ્વારા ખેતક્રાંતિ
- ક્લાઈમેટ ચેંજ : ક્લાઈમેટ ચેંજ માટેનો નવતર વિભાગ સરકારમાં શરૂ કરનાર દેશમાં ગુજરાત પ્રથમ રાજ્ય
- ગુટખામુક્તિ : ગુટખા–મુક્તિ અભિયાન, હુક્કાબાર સામે કડક કાયદો
- વાવે ગુજરાત : વાવે ગુજરાત દ્વારા વિક્રમી છોડ ઉછેર
- ગુજરાત મેડિકલ સર્વિસિસ કોર્પોરેશન : ગુજરાત મેડિકલ સર્વિસિસ કોર્પોરેશનની સ્થાપના લેપ્રસી–મુક્ત ગુજરાત બન્યું
- રાષ્ટ્રીય અને સામાજિક પર્વોની વિશેષ ઉજવણી : ૧૫ ઑગસ્ટ, ૨૬ જાન્યુઆરી, ગુજરાત સ્થાપના દિન, નવરાત્રી, પતંગોત્સવની વિશેષ ઉજવણી
- બેટી વધાવો : બેટી વધાવો અભિયાન
- વાંચે ગુજરાત : વાંચે ગુજરાત
- ખેલ મહાકુંભ : ખેલ મહાકુંભ, ગ્રામીણ ઑલિમ્પિક
- મા અમૃતમ્ યોજના, મા વાત્સલ્ય યોજના : મા અમૃતમ્ યોજના – ગંભીર–જીવલેણ રોગો સામે
- ઓટોમોબાઈલ રાજધાની : જનરલ મોટર, ટાટા, મારૂતી, ફોર્ડ વગેરે કંપનીઓના ગુજરાત આગમનના કારણે ગુજરાત દેશની ઓટોમોબાઈલ રાજધાની બન્યું
- ધોલેરાસર : ધોલેરાસર નિર્માણાધીન
- ઘોઘા–દહેજ ફેરી : ઘોઘા–દહેજ ફેરી સર્વિસ
- સ્કોપ : સ્કોપ દ્વારા અંગ્રેજી ભાષાના શિક્ષણની યોજના
- એન્જિનિયરિંગ–મેનેજમેન્ટ સીટો : એન્જિનિયરિંગ અને મેનેજમેન્ટની સીટોમાં ૫૦૦%નો વધારો
- રાજ્યમાં ૫૫૦૦ મેડિકલ સીટ, રાજ્યમાં ૩૨ મેડિકલ કોલેજો કાર્યરત
- શાળા આરોગ્ય : શાળા આરોગ્ય અભિયાન દર વર્ષે ૧ કરોડ ૨૫ લાખ કરતાં વધુ બાળકોની આરોગ્યતપાસ
- શાળા–પ્રવેશોત્સવ – ગુણોત્સવ : પ્રાથમિક શિક્ષણ–સુધારણા માટે ગુણોત્સવ
- નિઃશુલ્ક બસ મુસાફરી : કન્યાઓના અભ્યાસ માટે નિઃશુલ્ક બસ મુસાફરી
- ભરતીમેળા – વિદ્યા–સહાયકોની ભરતી : ભરતીમેળા
- ચિંતન શિબિર : ચિંતિન શિબિર દ્વારા ઉચ્ચ વહીવટી અધિકારીઓ પદાધિકારીઓને પ્રોપિપલ ગુડ ગવર્નન્સ માટે પ્રોત્સાહિત કર્યા
- GIFT સિટીનું નિર્માણ : GIFT વૈશ્વિક રોકાણો માટે સર્વોત્તમ સુવિધા
- પંચાયત વિકાસ
- ગરીબ કલ્યાણ મેળા
- ડિસ્ટન્સ એજ્યુકેશન
- શહેરી ગરીબ સમૃદ્ધિ યોજના
- ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી
- દૂધ ઉત્પાદન
- ન્યુટ્રીશન મિશન
- ટીપી સ્કીમમાં સરળતા
- સાંધ્ય કોર્ટ
- ટીચર્સ એજ્યુકેશન યુનિવર્સિટી
- સીએમ ડેશબોર્ડ
- ગૌહત્યા વિરોધી કડક કાયદો
- દિવ્યાંગ નિગમ
- યોગ આયોગ
- બિનઅનામત આયોગ
- CCTV કેમેરા નેટવર્ક
- બુલેટ ટ્રેન પ્રોજેક્ટ
- મેટ્રો ટ્રેઈન પ્રોજેક્ટ
- ખેડૂતોને શૂન્ય દરે પાકધિરાણ
- કરૂણા અભિયાન
- સેવાસેતુ કાર્યક્રમ
- મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના
- સૂર્યશક્તિ યોજના
- પવિત્રયાત્રાધામ વિકાસ

●



## ૧લી મે ગુજરાત સ્થાપના દિન




### ગુજરાત રાજ્યની સ્થાપના


સને ૧૯૬૦ના રાજ્ય પુનર્ગઠન અધિનિયમ હેઠળ બૃહદ મુંબઈ રાજ્યનું વિભાજન થયું અને ૧લી મે ૧૯૬૦ના રોજ ગુજરાત અલગ રાજ્ય તરીકે અસ્તિત્વમાં આવ્યું. નૂતન ગુજરાત રાજ્યનું ઉદ્‌ઘાટન પૂજ્ય શ્રી રવિશંકર મહારાજે 'જય જય ગરવી ગુજરાત'ના નાદ સાથે કર્યું. ડૉ. જીવરાજ મહેતાના મુખ્યમંત્રી પદે ગુજરાત રાજ્યનું પ્રથમ પ્રધાનમંડળ રચાયું. ૧૩૨ સભ્યો ધરાવતી વિધાનસભાનું પ્રથમ સત્ર ૧૮મી ઑગસ્ટ ૧૯૬૦ના રોજ અમદાવાદ ખાતે નવી સિવિલ હૉસ્પિટલના એક મોટા હોલમાં યોજાયું.

### ગુજરાત એટલે ગુજરાત જ

ગુજરાત એટલે ગુજરાત જ... આ વિભાવનામાં સંકુચિત પ્રાંતવાદનો પડઘો જરા સરખો પણ નથી. ગુજરાત એટલે ગુજરાત જ... એમાં ગુજરાતની પ્રજાની આગવી અસ્મિતા અને ગૌરવનો સહજ સ્વાભાવિક રણકો છે. આપણું ગુજરાત આગવું ગુજરાત છે. તેની તોલે કોઈ ન આવી શકે. ગુજરાતની પ્રકૃતિદત્ત કેળવાયેલી કોઠાસૂઝ અને પડકારો સામે પ્રજાશક્તિથી પ્રતિકાર કરીને પાર ઊતરવાની સહનશક્તિ અને વિકાસ માટેની ઉત્કટ ક્ષમતા... આ ગુજરાતને નોખું તારવે છે. ગુજરાત એટલે ગુજરાત જ... અહિંસા અને સહિષ્ણુતા એની ગળથૂથીમાં, સંવેદના એની માનવીય વૃત્તિમાં, ગુજરાતની જ્યાં વસ્તી છે, ત્યાં તેણે તેના સંસ્કારો અને ઉદ્યમશીલતાથી ગુજરાત ઊભું કર્યું છે.

જય સોમનાથ...
જય દ્વારકેશ...
જય બોલો ગુર્જરી માતની
સ્વર્ણઅક્ષરે લખશે કવિઓ
યશગાથા ગુજરાતની
આ ગુણવંતી ગુજરાતની

ગુણવંતી, ખમીરવંતી ગુર્જરભૂમિનાં ગુણગાન ગાતા વીર કવિ નર્મદની પંક્તિઓ આપણા મનને પ્રફુલ્લિત કરી જાય છે, હૃદયને ડોલાવી જાય છે. ગરવી ગુજરાતની આ ભૂમિમાં અનેક રત્નો પાક્યાં છે. એની કણ કણની ગરિમા ભૂમિના જનજનમાં વ્યાપ્ત છે. એની વીરગાથાઓ, સંસ્કારગાથાઓ








લોકહૃદયમાં અંકિત છે.

'જયાં જયાં વસે ગુજરાતી, ત્યાં ત્યાં વસે ગુજરાત' કવિ નર્મદે વર્ષો પહેલાં ગુજરાતીઓની લાક્ષણિકતાઓને સમજી હતી. ગુજરાતી એટલે સંસ્કારી કોમ, ઉચ્ચ ભણતર, શ્રેષ્ઠ ગણતર, વ્યાપારી કુનેહ, ઉદ્યોગ સાહસિકતા, ધાર્મિક અભિગમ, શાંતિ, અહિંસા અને પ્રેમના પૂજારી, આ પ્રજા જયાં જયાં વસે, ત્યાં ત્યાં આ લક્ષણો સાથે જ વસે. એટલે જ કદાચ, ચં. ચી. મહેતાને ગાવું પડ્યું,

'ભમો ભરતખંડમાં, સકળ ભોમ ખૂંદી વળી, ધરાતલ ઘૂમો કહીશ, નહિ મળે રૂડી ચોતરી.' 'લીધો જનમ તે ગમે થવું જ રાખ આ ગુર્જર ભૂમિમાં.'

ભારતના પશ્ચિમ કિનારે ૨૦° ૧' થી ૨૪° ૭' ઉત્તર અક્ષાંશ અને ૬૮° ૪' થી ૭૪° ૧' પૂર્વ રેખાંશ વચ્ચે સ્થિત ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર રાજયો સાથે સીમા, ઉત્તરે પાકિસ્તાન સાથેની આંતરરાષ્ટ્રીય સીમા સાથે જોડાયેલું છે. ગુજરાતને ૧૬૦૦ કિ.મી. લાંબો દરિયાકિનારો આવેલ છે.

## ગુજરાતની કૃષિક્રાંતિ

કૃષિ એ રાજયના લોકોની મુખ્ય પ્રવૃત્તિ છે. ગુજરાતની ૬ કરોડની આબાદીમાંથી ૬૫ ટકા જેટલી વસ્તી રાજયના ૧૮૨૪૨ જેટલાં ગામડાંઓમાં વસે છે. ૪૮ ટકા લોકો કૃષિ રોજગારી સાથે સંકળાયેલા છે. ગુજરાતમાં કૃષક પરિવારની સંખ્યા ૪૦ લાખ આસપાસ છે, જે પૈકીના ૫૦ ટકાથી વધુ પરિવાર બે હેક્ટર સુધીની જમીન ધારણ કરતા નાના અને સીમાંત ખેડૂતો છે, જયારે ૨ થી ૫ હેક્ટર જમીન ધારણ કરતા બીજા ૩૩ ટકા ખેડૂતો છે. ખેડૂતદીઠ રાષ્ટ્રીય સરેરાશ ૧.૫૭ હેક્ટરની સામે ગુજરાતમાં ૨.૯૨ હેક્ટર ભૂમિ છે.

દેશ કે રાજયના સર્વાંગી વિકાસની આધારશિલા કૃષિ અર્થતંત્રની સમૃદ્ધિ છે. એ સત્યને પકડીને ચાલીએ તો એટલું કહી શકાય કે પાણી વિના આ સમૃદ્ધિ સંભવ નથી. ગુજરાતની જીવાદોરી સમાન 'સરદાર સરોવર યોજના' અંતર્ગત સરદાર સરોવર બંધની ઊંચાઈ ૧૩૮ મીટરની થઈ, સરદાર સરોવરના દરવાજા







વીર નર્મદ

મુકાયા એટલું જ નહીં, પરંતુ પ્રજાને યોજનાની ફળશ્રુતિના લાભો પણ મળતા થયા. ભાજપા શાસનમાં કેવડિયાથી કચ્છ સૂકા રણ સુધી નર્મદાનાં પાણી પહોંચાડવાના ભગીરથ પ્રયાસો થયા.

ઉપરાંત વરસાદના પાણીના ટીપેટીપાને સમુદ્રમાં વહી જતાં અટકાવવાને ભૂગર્ભજળસપાટી ઊંચી લાવવા રાજ્ય સરકારે અનેક આયોજનો કર્યાં. લોકભાગીદારીથી હાથ ધરાયેલી 'સરદાર પટેલ સહભાગી યોજના'ને પગલે 'સુજલામ્–સુફલામ્'નાં મીઠાં ફળ મળવા લાગ્યાં. શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સુજલામ્–સુફલામ્ યોજનાના મહત્ત્વને ઉજાગર કરતી વાત કરતાં કહ્યું છે કે, 'સુજલામ્–સુફલામ્' યોજના એ મારા માટે કોઈ શબ્દસમૂહ કે નારો નથી. મારે મન સુજલામ્–સુફલામ્ એ જીવનનું ધ્યેય છે.

ગુજરાતમાં ભાજપાનું શાસન આવ્યા પછી ખેત ઉત્પાદનમાં ખૂબ વધારો થયો છે. અગાઉ જે માત્ર ૯૦૦૦ કરોડનું કૃષિમૂલ્ય ઉપાર્જન હતું તે આજે ૧ લાખ કરોડથી ઉપર પહોંચી ગયું છે.

શ્રી નરેન્દ્રભાઈ મોદીને




### પર-સેવા માટે પરસેવો પાડે તે ગુજરાત


'ગરવી ગુજરાત' એટલે પર–સેવા માટે પરસેવો પાડે તે ગુજરાત. ગુજરાતમાં વસતો ગુજરાતી જ નહીં પરંતુ વિશ્વભરમાં વસતા ગુજરાતીએ સદાકાળ ગુજરાત ખડું કર્યું છે અને વિશ્વના ખૂણે ખૂણે વસવા, દરિયાને પાર કરવા સાહસરૂપે નાના નાવડામાં સફર કરી હતી તે ૧૯મી અને ૨૦મી સદી હતી. હવે યુગ બદલાયો છે. એકવીસમી સદીમાં આપણો સંકલ્પ એ જ હોય કે આખું વિશ્વ ગુજરાતને પોતાનું 'ઘર' બનાવે તેવી મહત્ત્વાકાંક્ષા આપણી છે,

ગુજરાતના ખેડૂતોની એટલી બધી ચિંતા કરી કે તેમણે કૃષિ મહોત્સવનો અભિનવ અભિગમ અમલમાં મૂક્યો.

### ગુજરાતની વીજક્રાંતિ

ગુજરાતમાં ભાજપા શાસનકાળમાં વીજ ક્ષેત્રે જબ્બર ક્રાંતિ થઈ છે. ૧૯૬૧માં વીજળીની સ્થાપિત ક્ષમતા માત્ર ૩૩૩ મેગાવોટ શક્તિની હતી. ગુજરાતનાં બધાં જ ૧૮,૦૦૦ ગામો ખાતે જ્યોતિગ્રામ યોજના અન્વયે ૨૪ કલાક વીજળી પૂરી પાડવાનું ભગીરથ કાર્ય કરવામાં આવ્યું છે, જે સમગ્ર દેશમાં પ્રથમ છે. દેશના સરેરાશ માથાદીઠ વીજ વપરાશ ૬૦૦–૭૦૦ યુનિટની સરખામણીમાં ગુજરાતનો વીજ વપરાશ બમણા કરતાં વધુ એટલે કે ૨૦૦૦ કરતાં વધારે યુનિટનો છે.

ગુજરાત સરકારની જ્યોતિગ્રામ યોજના રાજ્યમાં એટલી હદે સફળ



થઈ છે કે અન્ય રાજ્ય સરકારો પણ આ યોજનાની પ્રશંસા કરે છે. ગુજરાતમાં ૨૪ કલાક ત્રણ ફેઇઝ પાવર આપવાથી ગ્રામ્યજનોની લાઇફ-સ્ટાઇલમાં મોટો તફાવત જોવા મળ્યો છે. અગાઉ ગરમીમાં ઘર-શાળાઓ, ગ્રામ્ય હૉસ્પિટલો, દુકાનોમાં પંખા વગર, લાઇટ વગર લોકો પરેશાન હતા. શાળાઓમાં કોમ્પ્યૂટરો હોવા છતાં તેનો ઉપયોગ કરી શકાતો ન હતો અને ગામડાંઓની મહિલાઓ તો લાઇટ વગર ત્રાહિમામ્ પોકારતી હતી. ગામડાંના નાના નાના કારીગરો, ગૃહઉદ્યોગોને તો જયોતિગ્રામ યોજના આશીર્વાદરૂપ પુરવાર થઈ. સુથારીકામ કરતા લોકો, દરજીકામના કારીગરો અને આવા તો અનેક ઇલેક્ટ્રિકલ સાધનો વાપરતા ગામડાંના લોકોને ૨૪ કલાક લાઇટ મળતાં રાહત થઈ છે. દેશની અન્ય રાજ્ય સરકારો પણ આ યોજનામાં રસ લઈ અભ્યાસ કરે છે.

## ગુજરાતમાં ધર્મ બન્યો સમાજસેવાનો પાયો

આ વ્યક્તિગત ઉન્નતિ એ જ ગુજરાતીઓની ઓળખ નથી. દરેક દેશમાં ગુજરાતીઓ પોતાની સામાજિક પ્રવૃત્તિ, જ્ઞાતિ આધારિત સંસ્થાઓ અગર ગુજરાતી સમાજની સ્થાપના કરીને આગળ ધપાવે છે. ધાર્મિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં અત્યંત ગુંથાયેલા રહે છે. ભારત બહાર ૪૦૦ ઉપરાંત મંદિરોની સ્થાપના કરવા બદલ પૂ. પ્રમુખસ્વામીને ગિનીઝ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડમાં મળેલ સ્થાન તેનું ઉત્તમ ઉદાહરણ છે. બધે જ હરિભક્તોની અવિરત સાધના, વિવેકાનંદ કેન્દ્ર, દાદા આઠવલેનાં સ્વાધ્યાય કેન્દ્રો, વૈષ્ણવ સંપ્રદાયના મંદિરો, જૈન ધર્મના અનુયાયીઓ, વેદાંત સોસાયટીમાં વેદાંતીઓ બધે જ ગુજરાતીઓ શ્રદ્ધા પ્રમાણે ભક્તિભાવથી આધ્યાત્મિકતામાં અવિરત જોડાયેલા રહે છે. બાળકો માટેની શિબિરો, યુવાઓ માટેની કાર્યશાળાઓ, દરેક અઠવાડિયે ત્રણ કલાકની પાઠશાળા વગેરે અનેકવિધ કાર્યક્રમો દ્વારા ગુજરાતી સમાજ એકબીજાથી અત્યંત નજીક રહે છે. ૧૦,૦૦૦ લોકોનું 'જૈનો' દ્વારા જૈન સંમેલન કે ૧૫,૦૦૦ લોકોનું રામકથામાં ૧૦૦૦ માઈલના વિસ્તારમાં ઊમટવું તે છ માસિક કે વાર્ષિક કાર્યક્રમો વિદેશોમાં જોવા મળે છે.

## માતૃભાષા ગુજરાતી

આપણા ગુજરાતના લોકોને તેમની માતૃભાષા ગુજરાતી પ્રત્યે પણ અપાર પ્રેમ રહ્યો છે.




સ્વામી દયાનંદ સરસ્વતી

હિન્દુસ્તાનનું પહેલું સમાચાર પત્ર 'મુંબઈ સમાચાર' ગુજરાતી ભાષામાં નીકળ્યું હતું, કરાંચીમાં ૩ દૈનિકો અને ૯ સાપ્તાહિકો ગુજરાતી ભાષામાં પ્રસિદ્ધ થાય છે. છેલ્લાં ૭૦ વર્ષથી એક ગુજરાતી સાપ્તાહિક નિયમિત રીતે કરાંચીમાંથી પ્રસિદ્ધ થાય છે. પાકિસ્તાનમાં વસતા ગુજરાતીઓ માટે આ વરદાનરૂપ છે. કલકત્તામાં એક ગુજરાતી સાપ્તાહિક છેલ્લાં ૬૦ વર્ષથી નિયમિત નીકળતું રહે છે. ઇંગ્લૅન્ડમાં બે ગુજરાતી પત્રો નીકળે છે. અમેરિકામાં પણ એક નીકળે છે.



પાવન દ્વારકા બન્યું રમણીય





રવિશંકર મહારાજ

પહેલી ગુજરાતી નવલકથા ૧૮૧૬માં નંદશંકરની 'કરણ ઘેલો' હતી. ૧૮મી સદીના અંત સુધી મલાયા (મલેશિયા)ના બંદરીય જકાત અધિકારીઓ માટે ચાર ભાષા જાણવી ફરજિયાત હતી. મલય, અરબ, પોર્ટુગીઝ અને ગુજરાતી.


કેરળનું સૌ પ્રથમ અખબાર 'કેરાલા મિત્ર' ૧૯મી સદીમાં શરૂ કરનાર 'દેવજી ભીમજી' ગુજરાતી હતા. ઓસ્ટ્રેલિયામાં બ્રિસબેન શહેરમાં ગુજરાતી ભાષાને જીવંત રાખવા માટે ગુજરાતી રેડિયો સ્ટેશન ચલાવવામાં આવે છે.

## ખમીરવંતા ગુજરાતીઓ

ગુજરાતની ગુણવંતી, ખમીરવંતી ભૂમિમાં અનેક રત્નો પાક્યાં છે. ગુજરાતના પ્રથમકક્ષ સપૂતોએ પોતાના શિક્ષણ અને સંસ્કારથી હિન્દુસ્તાનને સજાવવાનો ભવ્ય પુરુષાર્થ કર્યો છે. વિજ્ઞાનના ડૉ. હોમી ભાભા, વિક્રમ સારાભાઈ, શેઠના, કાનૂનના ભુલાભાઈ, મુનશી, ઈતિહાસના સાંકળિયા, સંગીતના ઓમકારનાથ, ફિલ્મના સંજીવકુમાર, હિન્દુસ્તાનની આઝાદીની ચળવળમાં તો અનેક નામી–અનામી ગુજરાતી ક્રાંતિકારીઓએ અગત્યનો ભાગ ભજવેલ હતો. યુગપુરુષ મહાત્મા ગાંધીજી ગુજરાતની ભૂમિના સપૂત છે તે ગૌરવ ગુજરાતીઓ આગામી સદીઓ સુધી લઈ શકશે. સ્વતંત્ર ભારતના પ્રથમ ચીફ જસ્ટિસ હીરાલાલ કણિયા, બીજા સરસેનાપતિ રાજેન્દ્રસિંહજી, સેનાના એક જ ફિલ્ડ માર્શલ માણેકશા, પ્રથમ ક્રિકેટર રણજી – આ બધા ગુજરાતીઓનું યોગદાન અનેરું છે.

ધન્ય હો ! ધન્ય જ પુણ્યપ્રદેશ !
અમારો ગુણિયલ ગુર્જર દેશ;
કૃષ્ણ ચંદ્રની કૌમુદી ઊજળો,
કીધ પ્રભુએ ય સ્વદેશ
અમારો ગુણિયલ ગુર્જર દેશ.
ધન્ય હો...
ગુર્જરી ! જય ! જય !
તવ ચિરકાળ !
ધન્ય હો ! ધન્ય જ પુણ્યપ્રદેશ !
અમારો ગુણિયલ ગુર્જર દેશ.


– ન્હાનાલાલ




## ગુજરાતી એક જીવંત અને જાગૃત વ્યક્તિ છે

ગુજરાતની વાત કરતા હોય અને કનૈયાલાલ મુનશીને યાદ ન કરીએ તે કેમ ચાલે ? ગુજરાતની અસ્મિતા એટલે શું ? તેઓ કહે છે, 'આ અસ્મિતા શબ્દ ૧૯૧૩, ૧૪માં હું 'યોગસૂત્ર'માંથી આપણા ઉપયોગમાં ખેંચી લાવ્યો. ત્યારથી હું તેના પર વિચાર કરું છું અને તેને પોષે એવી સામગ્રી એકઠી કરું છું. અમે જન્મે ગુજરાતી છીએ, ગુજરાતી બોલીએ છીએ, અમારા સંસ્કાર ગુજરાતી છે. એમ કહો આપણામાં ગુજરાતી અસ્મિતા આવતી નથી. અસ્મિતા જે મનોદશા સૂચવે છે તેનાં બે અંગ છે અને હું હું જ રહેવા માંગું છું.

ગુજરાત વિશે કનૈયાલાલ મુનશીએ ખૂબ સરસ વાત કરી છે. 'ગુજરાતને સીમાડા નથી. ગુજરાત એક જીવંત અને જાગૃત વ્યક્તિ છે, જે પોતાને એક કલ્પવામાં, પોતાનું અસ્તિત્વ એક દૃઢ સંકલ્પ દ્વારા સમજવામાં જીવનસાફલ્ય સમજે છે અને ગુજરાતીઓનું બન્યું છે ખરું,



પણ એ માત્ર માનવીઓનો સમૂહ નથી. જ્યાં જ્યાં ગુજરાતીઓ વસે છે, ત્યાં ગુજરાત છે ને રહેશે એવી નિર્ણયાત્મક કલ્પના સેવી એકઠા મળે છે ત્યાં ગુજરાતની હસ્તી છે.'

## ગુજરાતના વિકાસને વિશ્વે વખાણ્યો

ભાજપા શાસને ગુજરાતીઓનો જનવિશ્વાસ ઉજાગર કરીને રાજ્યના ઔદ્યોગિક, કૃષિ અને આર્થિક-સામાજિક માળખાકીય વિકાસને શ્રેષ્ઠ ક્ષમતા ઉપર લઈ જઈ, ગુજરાતની વૈશ્વિક ઓળખ ઊભી કરી. આજે ગુજરાતના અભૂતપૂર્વ વિકાસની નોંધ રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે લેવાઈ રહી છે. વિવિધ ક્ષેત્રોની સુંદર કામગીરી માટે રાજ્યને અનેક ઍવોર્ડ / સન્માન અનેક સંસ્થા તરફથી મળ્યાં છે, જેમાં વિશ્વ બૅંક, યુનો, યુનેસ્કો, કોમન વેલ્થ ઍસોસિયેશન, માઇક્રોસોફ્ટ, વોશિંગ્ટન પોસ્ટ વગેરે વિદેશોનો સમાવેશ થાય છે. ભારતમાંથી કેન્દ્ર સરકાર, પ્લાનિંગ કમિશન, વડાપ્રધાનશ્રી રાજીવ ગાંધી ફાઉન્ડેશન, ઇન્ડિયા ટુડે, ચિત્રલેખા અને બીજા ઘણાનો સમાવેશ થાય છે.



મહાત્મા ગાંધીજી

આ વિવિધ કામગીરીઓમાં કચ્છના ભૂકંપનું વ્યવસ્થાપન, હેરીટેજ સાચવણી, ઈ-ગવર્નન્સ, વીજળીક્ષેત્રે સુધારા, કન્યા-કેળવણી, માતૃકલ્યાણ, શહેરી વિકાસ, આર્થિક સ્વતંત્રતા તથા શ્રેષ્ઠ રાજ્ય તેમજ શ્રેષ્ઠ મુખ્યમંત્રીશ્રી વગેરેના ઍવોર્ડ સન્માનનો સમાવેશ થાય છે.

## આફતને અવસરમાં બદલાવી

ગુજરાત, ૨૬ જાન્યુઆરી ૨૦૦૧ સદીના મહાવિનાશક ભૂકંપ દ્વારા કુદરત ગુજરાત પર કોપી, ધરા ધ્રૂજી, હચમચી ઊઠ્યું જનજીવન, હજારો મકાનો તૂટ્યાં ને અનેકની જીવાદોરી, ભર્યાભાદર્યાં લાખો કુટુંબો તારાજ થયાં. પણ... ન ભાંગ્યું ગુજરાતી ખમીર, ન હણાયું લોકોનું હીર, કુદરતે જોર બતાવ્યું, તો ગુજરાતે જોમ. સરકારે બીડું ઝડપ્યું ને તેને મળ્યો સંસ્થાઓનો સથવારો અને પ્રજાનો સહકાર. માનવતાનો મહેરામણ છલકાયો. પુરુષાર્થ વડે પ્રકૃતિ ઉપર પુરુષાર્થની થઈ જીત.

દુનિયાના ચાલીસ જેટલા વિવિધ દેશોના નિષ્ણાતોના બનેલા સંગઠન 'અમેરિકન બચાવ જૂથ'ના આંતરરાષ્ટ્રીય વડા કોયન્ડગ્લાસ છે. તેમણે દુનિયાભરમાં સેંકડો વિનાશ

### ગુણિયલ હો ગુજરાત !
### (ગાડી આવી ગુજરાત)

ગુણિયલ હો ગુજરાત ! અમી તારી આંખડીએ રે,
ભવરણમાં ભલી ભાત પળીએ તુજ પાંખડીએ રે,
લીલમલીલી લચી રે લક્ષ્મી શી આ તુજ કુંજ
રસસાગર તુજ આંગણ ઊછળી ભરી દે મોતીના પુંજ
અમી તારી આંખડીએ રે.
મંદિર મહેલ ને મસ્જિદો રે તારી કળાના ફાલ,
સંધ્યા હવા ને ચંદનીથી વધુ તારી કળા છે કમાલ !
અમી તારી આંખડીએ રે.
ગાજે તુજ ગિરિકંદરે રે કેસરીના વીર નાદ
એન વેળા તુજ શૂર સંતોના આપે શા વીરપ્રસાદ !
અમી તારી આંખડીએ રે.
આભભર્યા દેવથાળથી રે સોહ્ય અધિક તુજ ચોક,
યુગયુગને નવજયોતે અજવાળે સંત તારા પુણ્યશ્લોક
અમી તારી આંખડીએ રે.
સ્વર્ગંગાની ઉરછોળ શા રે ગાજે તુજ ગરબા ને રાસ,
એ રસનાં અમીવર્ષણ એવાં વરસે કયે બીજે પાસ ?
અમી તારી આંખડીએ રે.
મેઘ ઊડી ધરા ઊતરે રે, એવા છે અમ ઉરબંધ
માત સકલ સદા પૂજશું સ્નેહે આભ ઝીલી અમ સ્કંધ !
અમી તારી આંખડીએ રે.

– અરદેશ ફરામજી ખબરદાર



## હે ગુર્જરી

મા ભૂમિ હે મુજ ગુર્જરી
તવ તીર સિંધુતરંગ મંદ્રિત, ગાનથી ઘર–કુંજ રી,
તવ સ્ફટિક મૌક્તિક નિધિ વિપુલ તવ શસ્ય પલ્લવપુંજ રી,
જય હે જયતુ જય ગુર્જરી !
તું કાલજયી અજરા અમર મહતી પુરાતન શાશ્વતી,
તું નિત્ય મુકુલિત સંપદે તવ, તેજ નમણી ભાસ્વતી,
તારે ને તંદ્રા લેશ, જાગૃતિ કર્મને પ્રસ્પંદ રી,
જય હે જયતુ જય ગુર્જરી !
તું ગિરિવને ગહના, નદીજલ નિર્મલા, અકલંક રી,
તવ વિહંગરવ તરુછાંય શીતલ સકલ જનપદ પંથ રી,
તવ ગગન મહીં રેલાય ગોપની સૂરમધુર બંસરી,
જય હે જયતુ જય ગુર્જરી !
તું સ્નિગ્ધ તું પરને ય લેતી સહજ પોતાનાં કરી,
દેશ પરદેશે રહે તારી પતાકા ફરફરી,
લખ લોકને આનંદ કોલાહલ ભર્યું તવ તીર્થ રી,
જય હે જયતુ જય ગુર્જરી !
તારે ઉછંગે ઊછર્યા, પયપાન કીધ ખમીરનાં,
સંતાન તારા મુક્ત, જેમ રમે અબદ્ધ સમીરણા,
સહુ કાજ તું વ્હેતી સદા અક્ષય અમી પરિપૂર્ણ રી,
જય હે જયતુ જય ગુર્જરી !

– રાજેન્દ્ર શાહ

જોયા છે. તેઓ કચ્છ–ભૂજની ભૂકંપ હોનારતમાં તેમની ટીમ સાથે ભૂજ આવેલા. તેમણે ભૂજની તારાજી જોઈ કહ્યું કે, અહીં વિનાશનું પ્રમાણ ઘણું મોટું છે. આમ છતાં અહીંના લોકોની સ્વસ્થતા જોઈ મને ખૂબ જ આશ્ચર્ય થાય છે. અહીંના લોકોએ મને જીવનમાં કંઈક નવા પાઠ શીખવ્યા છે. અન્ય દેશમાં જો આવો વિનાશ થયો હોત તો ત્યાંના લોકો રડતા હોત, કકળતા હોત, ચારેબાજુ તોફાનો ફાટી નીકળ્યાં હોત, લૂંટફાટ થઈ હોત, પરંતુ અહીંના લોકોનો જુસ્સો, ખમીર અને વ્યવહારિકતા ગજબનાં છે. અહીં કંઈક નોખી માટીના માનવીઓ વસે છે. લોકોના ચહેરા પરની શાંતિ અમોને મૂંઝવે છે. મને લાગે છે કે, ભારતીય જીવન જીવવાની પ્રણાલી અને તેની ફિલોસોફી આનું પરિણામ છે.

એકવીસમી સદીમાં આપણું ગુજરાત સમગ્ર વિશ્વમાં એક અને પ્રગતિશીલ અને નમૂનેદાર રાજ્ય બની રહેશે અને તેની સાથે ગુજરાતની અસલિયત, અસ્મિતા અને આગવી સંસ્કૃતિ મુજબનું રાષ્ટ્રનું શ્રેષ્ઠ રાજ્ય બની રહેશે. સૌના સહિયારા પુરુષાર્થ વડે આ શક્ય બનશે તેમાં શંકાને સ્થાન નથી. ગુજરાત. ચાર અક્ષરનું નામ બોલાય કે સંભળાય ત્યાં પ્રત્યેક ગુજરાતીની છાતી ગજ ગજ ફુલાય, મન આનંદથી બોલવા લાગે 'આપણું ગુજરાત, આગવું ગુજરાત'. હૈયું હેતથી ભરાઈ જાય કે 'ગુજરાત એટલે ગુજરાત જ'.

સમગ્ર ભારતમાં આજે ગુજરાતની ચર્ચા છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની નિર્ભિકતા, પ્રામાણિકતા, લોકનિષ્ઠા અને કાર્યદક્ષતાની ચર્ચા છે. ગુજરાતની અસ્મિતાની ચર્ચા છે, તો ગુજરાતીઓના સ્વાભિમાનની ચર્ચા છે. ૧૯૬૦માં સ્વતંત્ર રાજ્ય તરીકે અસ્તિત્વમાં આવેલ ગુજરાત રાજ્યે વિકાસના પથ પર ગતિ જરૂર કરી છે, પરંતુ જ્યારથી ગુજરાતમાં ભાજપાએ શાસનની ધુરા સંભાળી છે, ત્યારથી ગુજરાતે વિકાસની હરણફાળ ભરી છે.

ભાજપા શાસનમાં રાજકીય સ્થિરતા દ્વારા પ્રાપ્ત શાંતિ અને સલામતીના વાતાવરણે રાજ્યના વિકાસમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. ભાજપા શાસનમાં સામાજિક, સાંસ્કૃતિક કે આર્થિક અશાંતિનું નામોનિશાન નથી. પરિણામે આર્થિક પ્રવૃત્તિઓ વેગીલી બની છે. અહીંયાં સરકાર અને પ્રજા સામસામે નહિ, સાથે સાથે હોવાનો નૂતન ઇતિહાસ સર્જાયો છે.

ગુજરાતમાં ભાજપા શાસનમાં સુખ–ચેન છે, શાંતિ છે, સલામતી છે, વિકાસ છે, ઉન્નતિ છે, સંતોષ છે, આધ્યાત્મિક વાતાવરણ પણ છે અને સેવાકીય પ્રવૃત્તિ પણ છે.

•



# ભાજપની કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા લેવાયેલા પ્રજાભિમુખ નિર્ણયો



- રાજ્યમાં ૬૮.૮૦ લાખ જેટલા શ્રમિક કુટુંબોને કુટુંબદીઠ રૂ. ૧૦૦૦ ને સહાય ડીબીટી પધ્ધતિથી બેન્ક ખાતામાં ચુકવવાનો નિર્ણય કરવામાં આવેલ છે. આ માટે રાજ્ય સરકાર રૂ. ૬૮૮ કરોડનું આર્થિક ભારણ ઉપાડવાની છે.
- રાજ્યના ખેડૂતોએ લીધેલા ટૂંકાગાળાના પાક ધિરાણના ચૂકવણાની મુદત ૩ મહિના વધારી આપવામાં આવી છે. આ વધારેલી મુદત માટે ખેડૂતોને શુન્ય ટકા વ્યાજ ભોગવવું પડશે. પાક ધિરાણ ઉપરનું ૩% વ્યાજ ભારત સરકાર અને ૪% વ્યાજ ગુજરાત સરકાર એમ સંપૂર્ણ ૭ ટકા વ્યાજ સરકાર ચુકવશે. ગુજરાત સરકાર આ માટે રૂ. ૨૫૦ કરોડનું વધારાનો બોજ ઉઠાવશે.
- માર્ચ અને એપ્રિલ મહિનાના વીજળી બિલ ભરવાની મુદત ૧૫ મે ૨૦૨૦ સુધી વધારવામાં આવી છે, આ માટે કોઈ દંડ વસુલ કરવામાં આવશે નહી. એટલું જ નહિ, વિજ વિતરણ કંપનીઓ દ્વારા વાણિજ્યિક અને ઉદ્યોગ કનેક્શનો ઉપરનો એપ્રિલ મહિનાનો ફિક્સ ચાર્જ માફ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આના પરિણામે વિજ વિતરણ કંપનીઓ દ્વારા આશરે રૂ. ૪૫૦ કરોડનું આર્થિક ભારણ ઉઠાવામાં આવશે.
- રાજ્યમાં વૃદ્ધ સહાય પેન્શન મેળવતા ૯ લાખ, ૩૦ હજાર લાભાર્થીઓ, ગંગા સ્વરૂપા બહેનો-માતાઓને આપવામાં આવતું સહાય પેન્શન મેળવતા ૪,૪૩,૪૩૭ લાભાર્થીઓ, દિવ્યાંગ પેન્શન યોજનાનો લાભ મેળવતા ૪૦,૩૫૭ લાભાર્થીઓને ૧ મહિનાની પેન્શનની કુલ રકમ રૂ. ૨૨૧ કરોડ એડવાન્સ ચૂકવવામાં આવેલ છે.
- શાળાઓ બંધ કરવામાં આવેલ હોવાથી મધ્યાન ભોજન યોજનાના લાભાર્થીઓને ભોજન સહાયનો લાભ રોકડ સ્વરૂપમાં આપવામાં આવેલ છે. જેમાં ૫૧,૭૨,૨૮૮ વિદ્યાર્થી લાભાર્થીઓને રૂા. ૬૨.૧૦ કરોડની સહાય આપવામાં આવેલ છે.
- ગૌ શાળા અને પાંજરપોળામાં આવેલ ૪.૫ લાખ ગાયોના નિભાવ માટે પશુદીઠ પ્રતિદિન રૂ. ૨૫ ની સહાય ચુકવવાનો નિર્ણય કરવામાં આવેલ છે. જે માટે આશરે રૂ. ૨૪ કરોડનો ખર્ચ થશે.
- આંગણવાડી કેન્દ્રો બંધ કરવામાં આવેલ હોવાથી ૩ થી ૬ વર્ષના બાળકોને ટેકહોમ રેશન સ્વરૂપે પોષક આહાર ઘરે પૂરો પાડવમાં આવેલ છે. જેનો લાભ ૧૫.૭૦ લાખ બાળકોને મળેલ છે. રાજ્ય સરકારે તે માટે રૂ. ૩૫ કરોડનું ભારણ ઉપાડેલ છે.
- સમાજ કલ્યાણ વિભાગ અંતર્ગત નિવાસી છાત્રાલયો, આશ્રમ શાળાઓ, બાળ સુધાર ગૃહો બંધ કરવામાં આવેલ હોવાથી ૩૬ હજાર લાભાર્થીઓને ૧ મહિનાની નિભાવ ભથ્થાની રૂા. ૧૫૦૦ ની રકમ ચૂકવી આપવામાં આવેલ છે. જે માટે રૂ. ૫.૪૦ કરોડની રકમ વાપરવામાં આવશે.
- આદિજાતિ વિકાસ વિભાગ હેઠળના નિવાસી છાત્રાલયો તેમજ આશ્રમ શાળાઓ બંધ કરવામાં આવેલ હોવાથી તેના ૧,૭૧,૮૩૬ લાભાર્થીઓને ૧ મહિનાની નિભાવ ભથ્થાંની રૂા. ૧૫૦૦ ની રકમ ચૂકવી આપવામાં આવેલ છે. રૂ. ૨૫.૭૮ કરોડની રકમ વાપરવામાં આવશે.
- કોરોના વાયરસનો સામનો કરનાર આરોગ્ય કર્મીઓને ભારત સરકાર દ્વારા રૂા. ૫૦ લાખની વીમા સુરક્ષા આપવામાં આવેલ છે.
- કોરોના વાયરસની પરિસ્થિતને નિયંત્રણમાં લાવવા માટે કાર્યરત પોલીસ, મહેસુલ અને અન્ન-નાગરીક પુરવઠા વિભાગના કર્મચારીઓ, કોરોના વાયરસ સંદર્ભની કામગીરી સાથે સંકળાયેલા તમામ સરકારી કર્મચારીઓ, સફાઈ કર્મચારી, ફાયર સર્વીસના કર્મચારીઓને રૂા. ૨૫ લાખ એકસ-ગ્રેશીયા સહાય રાજ્ય સરકારે જાહરે કરી છે.
- વૃદ્ધ અને દિવ્યાંગ લાભાર્થીઓને આગામી બે તબક્કામાં કુલ રૂ. ૧૦૦૦ની સહાય રૂ. ૫૦૦-૫૦૦ના હપ્તામાં મળવાની છે તે અન્વયે આશરે સાડા ત્રણ લાખ વૃદ્ધ નિઃસહાય અને ૨૯૬૫૭ દિવ્યાંગ લાભાર્થીઓને મળીને રૂ. ૩૭.૯૬ કરોડની સહાય મળશે.
- રાજ્યની ત્રણ લાખ છેત્તાલીસ હજાર જેટલી ગંગા સ્વરૂપા માતા-બહેનો જે ગરીબી રેખાથી ઉપર નિર્વાહ કરે છે (નોન બી.પી.એલ) તેમને બે તબક્કામાં રૂ. ૧૦૦૦ની રકમ એકસગ્રેશીયા તરીકે ચૂકવવા અન્વયે રૂ. ૩૪.૬૦ કરોડની સહાય થશે.

REGD. NO. GAMC 563/2018-20 VALID UP TO 31-12-2020 RNI NO. 38397/81 MANOGAT LICENCED TO POST WITHOUT PREPAYMENT NO. PMG/HQ/077/2018-20 VALID UP TO 31-12-20 PUBLISHED ON 10th & 25th OF EVERY MONTH AND PERMITTED AT PSO PATRIKA CHANNEL, AHMEDABAD-2 ON EVERY 12/13/14 & 27/28/29 THE Ev

### કોરોના સંકટ વચ્ચે પ્રધાનમંત્રીએ 'પંચાયતી રાજ દિવસ' નિમિત્તે સરપંચો સાથે સંવાદ કર્યો

# કોરોનામાંથી બોધપાઠ મળ્યો છે, આપણે આત્મનિર્ભર બનવું જરૂરી - શ્રી નરેન્દ્રભાઈ મોદી

દેશમાં કોરોના વાયરસના સંકટની વચ્ચે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ 'પંચાયત રાજ દિવસ'ના અવસર નિમિત્તે રાજ્યોના સરપંચો સાથે વાતચીત કરી હતી અને કહ્યું હતું કે, 'કોરોના સંકટથી આપણને પાઠ મળ્યો છે કે હવે આપણે આત્મનિર્ભર થવું ખૂબ જરૂરી છે. આ સંકટની વચ્ચે ગામડાંના લોકોએ દેશ અને દુનિયાને સંદેશ આપ્યો છે.'



**વડાપ્રધાને આ અવસર નિમિત્તે 'ઈ-ગ્રામ સ્વરાજ પોર્ટલ' એપની સાથે 'સ્વામિત્વ યોજના'નો શુભારંભ કર્યો છે.** શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કહ્યું કે, કોરોના એક વિચિત્ર વાયરસ છે, પરંતુ એ ખુદ કોઈના ઘરે જતો નથી. એટલા માટે 'દો ગજ કી દૂરી'નું પાલન કરવું જરૂરી છે. આજકાલ મને ગામોના સરપંચો સાથે વાતચીત કરવાનું સૌભાગ્ય મળે છે અને દુનિયાભરના મોટા-મોટા દેશોના વડાઓ સાથે પણ વાત કરવાનો મોકો મળે છે. કોરોના એ આપણા સૌની કામ કરવાની પદ્ધતિ બદલી દીધી છે. પહેલા આપણે કોઈ કાર્યક્રમ સામ-સામે રહીને કરતા હતા, પરંતુ આજે એ જ કાર્યક્રમ વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી કરીએ છીએ. કોરોના વાયરસે આપણા માટે અનેક મુસીબતો પેદા કરી છે, જેની આપણે ક્યારેય કલ્પના કરી નહતી. પરંતુ તેનાથી મોટી વાત એ છે કે આ મહામારીએ આપણને નવા પાઠ ભણાવ્યા છે અને સંદેશ પણ આપ્યો છે.

વડપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કહ્યું કે, કોરોના વાયરસે આપણને સૌથી મોટો પાઠ અને સંદેશ એ આપ્યો છે કે આપણે આત્મનિર્ભર બનવું પડશે. ગામડાં પોતાની મૂળભૂત આવશ્યકતા માટે આત્મનિર્ભર બને. જિલ્લા પોતાના સ્તર પર, રાજ્યો પોતાના સ્તર પર અને એ રીતે આખો દેશ કેવી રીતે આત્મનિર્ભર બને, એ હવે ખૂબ આવશ્યક બની ગયું છે. હું આ કાર્યક્રમના માધ્યમથી તમામ લોકોને એક સંદેશ આપવા ઈચ્છું છું. કોરોના સંકટે સૌથી મોટો સબક આપણને શિખવ્યો છે અને એ રસ્તા પર ચાલવું જે રસ્તો દેખાડ્યો છે. એ રસ્તો છે હવે આપણે આત્મનિર્ભર બનવું પડશે. આત્મનિર્ભર બન્યા વગર આવા સંકટને પહોંચી વળવું મુશ્કેલ છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશના તમામ ગ્રામવાસીઓની પ્રશંસા કરતા કહ્યું કે, આ કોરોના સંકટે દેખાડી દીધું છે કે દેશના ગામોમાં રહેતા લોકો આ દરમિયાન તેમણે પોતાના સંસ્કારો-પોતાની પરંપરાઓના શિક્ષણના દર્શન કરાવ્યા છે. એ મોટા-મોટા વિદ્વાનો માટે પ્રેરણાદાયી છે. તમે સૌએ દુનિયાને મંત્ર આપ્યો છે કે 'દો ગજ દૂરી'નો અથવા એમ કહીએ તો 'દો ગજ દેહ કી દૂરી'નો. આ મંત્રના પાલન પર ગામોમાં ખૂબ ધ્યાન અપાઈ રહ્યું છે. એ તમારા પ્રયાસો છે કે આજે દુનિયામાં ચર્ચા થઈ રહી છે કે કોરોનાએ ભારતને કેવી રીતે જવાબ આપ્યો છે. આટલું મોટું સંકટ આવ્યું. આટલી મોટી વૈશ્વિક મહામારી આવી, પરંતુ આ બેથી ત્રણ મહિનામાં આપણે એ પણ જોયું કે ભારતના નાગરિકો મર્યાદિત સંસાધનોની વચ્ચે અનેક મુશ્કેલીઓ સામે ઝુક્યા વગર કોરોનાથી જંગ લડી રહ્યા છે.

**Editor : Publishers :**
Surendrabhai Motilal Patel
on Behalf of
Bharatiya Janta Party-Gujarat Pradesh
Published From
Bharatiya Janta Party-Gujarat Pradesh
J. P. Chowk, Khanpur, Ahmedabad-380001.